# ધોરણ-9
## વિષય : સામાજિક વિજ્ઞાન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય | S0908, S0901, S0902, S0909, S0952, S0937, S0940 | • નક્શાપૂર્તિ કરાવવી.<br>• સમયરેખા દર્શાવવી.<br>• વ્યક્તિવિશેષ ઓળખ કરાવવી. |
| 2. પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ | S0908, S0911, S0910, S0912, S0915, S0916, S0922, S0924, S0919, S0956 | • સાત ખંડોની નક્શા ઓળખ.<br>• નક્શાદર્શન થકી દેશોની દિશા ઓળખ. |
| 3. નૂતન વિશ્વ તરફ પ્રયાણ | S0908, S0911, S0916, S0919, S0922, S0925, S0938, S0956, S1027 | |
| 4. ભારતની રાષ્ટ્રીય ચળવળો | S0902, S0908, S0909, S0919, S0922, S0924, S0929, S0938, S0946, S0952 | |
| 5. ભારત : આઝાદી તરફ પ્રયાણ | S0901, S0902, S0908, S0909, S0919, S0924, S0929, S0930, S0938, S0952 | • કેટલીક ઘટનાઓનું નાટ્યીકરણ કરાવવું. |
| 6. 1945 પછીનું વિશ્વ | S0901, S0908, S0911, S0918, S0919, S0923, S0925, S0956, S0950 | |
| 7. સ્વાતંત્ર્યોતર ભારત | S0902, S0908, S0919, S0923, S0926, S0930, S0946, S0950, S0952 | • ભારતનાં રચાયેલાં રાજ્યોને વર્ષ પ્રમાણે ચાર્ટ લખાવશે. |
| 8. ભારતના રાજ્ય બંધારણનું ઘડતર અને લક્ષણો | S0902, S0908, S0919, S0923, S0926, S0930, S0946, S0950, S0952 | |
| 9. મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | S0925, S0926, S0927, S0946 S0911, S0950 | |
| 10. સરકારનાં અંગો | S0911, S0925, S0926, S0927 S0933, S0941 | |
| 11. ભારતનું ન્યાયતંત્ર | S0911, S0927, S0933 | |
| 12. ભારતીય લોકશાહી | S0941, S0911, S0925, S0926, S0927, S0946 | • દેશનાં રાષ્ટ્રીયપક્ષો અને પ્રાદેશિક પ્રશ્નોની યાદી બનાવી તેને ઓળખે. |
| 13. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-I | S0901, S0902, S-904 | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_NiSpati\Std-9,10_Social_Science

# ધોરણ-9/10
# વિષય : સામાજિક વિજ્ઞાન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 14. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-II | S0901, S0902, S0903, S0904 | • વિવિધ પ્રકારની જમીનનો ચાર્ટ બનાવવો. |
| 15. જળ-પરિવહન | S0902, S0904, S0920, S0921, S0936, S0954, S0955. | • પોતાનાં વિસ્તારની નદી વિશે લેખ તૈયાર કરશે. |
| 16. આબોહવા | S0903, S0904, S0914, S0931, S0947, S0951, S0954, S0919 | |
| 17. કુદરતી વનસ્પતિ | S0903, S0919, S0904, S0902, S0914, S0921 | |
| 18. વન્યજીવન | S0904, S0921, S0946, S0955, S0956 | |
| 19. ભારત : લોકજીવન | S0901, S0902, S0938, S0939, S0945, S0946, S0951, S0953, S0930, S0931, S0956. | |
| 20. આપત્તિ-વ્યવસ્થાપન | S0901, S0912, S0919, S0946, S0947, S0955, S0956 | |

# ધોરણ-10
## વિષય : સામાજિક વિજ્ઞાન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. ભારતનો વારસો | S1041, S1042, S1043 | ● ભારતના પ્રાચીનતમ લોકો વિશે માહિતી એકત્ર કરે. |
| 2. ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ હસ્ત અને લલિત કલા | S1041, S1042, S1043, S1037 | ● ભરત-ગૂંથણ, મોતી-કામના નમૂનાઓ વિદ્યાર્થીઓ પાસેથી મંગાવી શાળાકીય પ્રદર્શન ગોઠવે. |
| 3. ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સાહિત્ય | S1041, S1042, S1043, S1037 | ● વિદ્યાર્થીઓને ચોકમાંથી શિલ્પ બનાવવા માટે પ્રેરિત કરે. |
| 4. ભાતનો સાહિત્યિક વારસો | S1041, S1042, S1043, S1037 | ● શાળાકક્ષાએ પ્રાચીન ગ્રંથોનું પ્રદર્શન યોજે. |
| 5. ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો વારસો | S1041, S1042, S1043 | |
| 6. ભારતનાં સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | S1041, S1042, S1043, S1036 | ● વારસાના સ્થળોના મોડેલ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવા. |
| 7. આપણાં વારસાનું જતન | S1041, S1042, S1043 | |
| 8. કુદરતી સંસાધનો | S1002, S1024, S1004 | |
| 9. વન અને વન્યજીવ સંશાધન | S1004, S1024 | ● ભારતના વન્ય જીવોના ફોટોગ્રાફ્સ સાથેમાહિતી વિષયક લેખો તૈયાર કરાવવા. |
| 10. ભારત : કૃષિ | S1001, S1003, S1011, S1010 S1019, S1004, S1033, S1039 | ● ઋતુગત પાકોની ઓળખ માટે ખેતરની મુલાકાત ગોઠવવી. |
| 11. ભારત : જળ સંશાધન | S1024, S1035, S1021, S1030 S1004 | |
| 12. ભારત : ખનિજ અને શક્તિનાં સંશાધનો | S1002, S1010, S1021, S1038, S1004 | |
| 13. ઉત્પાદન ઉદ્યોગો | S1003, S1019, S1035, S1033, S1032, S1002, S1003, S1030 | |

# ધોરણ-10
## વિષય : સામાજિક વિજ્ઞાન

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 14. પરિવહન સંદેશા વ્યવહાર અને વ્યાપાર | S1031, S1033, S1038, S1003 | • પ્રાચીન પરિવહન સેવાઓ અને અર્વાચીન પરિવહન સેવાઓનો તુલનાત્મક ચાર્ટ બનાવશે. |
| 15. આર્થિક વિકાસ | S1005, S1032, S1006, S1014, S1015, S1001, S1004, S1010, S1022, S1029, S1030 | |
| 16, આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ | S1005, S1024, S1029, S1032, S1001, S1004, S1010, S1036, S1038 | |
| 17. આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | S1022, S1028, S1030, S1032, S1036, S1039 | • પોતાના વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાનની મુલાકાત ગોઠવવી. |
| 18. ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | S1001, S1006, S1014, S1022, S1032, S1004, S1010, S1030, S1033 | • વસ્તુઓને પ્રમાણિત કરતા ચિન્હોનો ચાર્ટ તૈયાર કરાવવો. |
| 19. માનવ વિકાસ | S1001, S1005, S1010, S1014 S1031, S1032, S1015, S1019, S1033 | |
| 20. ભારતની સામાજિક સમસ્યાઓ અને | S1033, S1034, S1040, S1043, S1044, S1018, S1019 | • આતંકવાદને પ્રદર્શિત કરતી ફિલ્મોનું નિર્દેશન કરાવવું. |

ધોરણ-10માં લાગુ પડતી ન હોય તેવી નિષ્પત્તિના ક્રમ નીચે મુજબના છે.

S1008, S1009, S1013, S1016, S1017, S1018, S1023, S1025, S1026, S1027

# ધોરણ - 9, 10 : સામાજિક વિજ્ઞાન

**પ્રસ્તાવના :**

સામાજિક વિજ્ઞાન ક્ષેત્ર એ શિક્ષણનો મહત્વનો વિષય છે. માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન સમાજના વિવિધ સંદર્ભો, ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રનાં વિશાળ વિષયવસ્તુનો સમાવેશ કરે છે. વિષય ક્ષેત્રનાં વિષયવસ્તુમાં માનવ અને પ્રાકૃતિક પર્યાવરણના સમય, સ્થળ અને સંસ્થાનાં સંદર્ભમાં આંતર-વ્યવહારોની વિસ્તૃત સમજનો સમાવેશ થાય છે. એ જરૂરી છે કે સામાજિક વિજ્ઞાન વિષય વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક તપાસ કે જે મૂળભૂત રીતે વિજ્ઞાન શાખા કરતા અલગ છે, તરફ દોરી જાય. સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સામાજિક સમસ્યાઓની વિવેચનાત્મક ચિંતનની તક પૂરી પાડે છે. આ વિષય સહાનુભૂતિ, સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ, ગૌરવ અને સંવાદિતા જેવા મૂલ્યો તરફ પણ પ્રેરે છે.

સામાજિક વિજ્ઞાનની દરેક પેટા શાખા માટે ઘટનાઓ, પ્રક્રિયાઓ અને કાર્ય-કારણ સંબંધ, વિશ્લેષણ, પૃથક્કરણ અને તર્કસંગત અભિગમ દ્વારા નિષ્કર્ષ સુધી પહોંચવા માટેની પોતાની વિશિષ્ટ પદ્ધતિ છે.

સામાજિક વિજ્ઞાન વિષયનાં અભ્યાસક્રમને સમૃદ્ધ બનાવવા કેટલાક વિષયવસ્તુમાં આંતર-વિદ્યાશાખાકીય અભિગમ અપનાવાયો છે. સામાજિક વિજ્ઞાન વિશે શું, ક્યાં, ક્યારે, કેવી રીતે વગેરે જેવા પ્રશ્નો દ્વારા શિખનારને વિષયની પેટા શાખાઓ અને અન્ય વિદ્યાશાખાઓ સાથે અનુબંધની પૂરતી તકો પૂરી પાડે છે અને આ રીતે આંતર વિદ્યાશાખા અભિગમ વધુ મજબૂત બને છે. દા.ત. ખેતી, વિકાસ, આપત્તિઓ વગેરે જેવાં મુદ્દાઓનો અભ્યાસ કરવા માટે ઈતિહાસ, ભૂગોળ, રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરે છે.

સામાજિક વિજ્ઞાન દ્વારા શિખનારને વિશિષ્ટ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાને સમજાવવા માટે મદદ કરે છે. ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન કરનાર વ્યક્તિઓને માન આપે છે અને ગૌરવ અનુભવે છે. સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થીઓને કુદરતી સંશાધનોનાં સંરક્ષણ અને જતન પર ભાર મૂકતા, ટકાઉ વિકાસને ઓળખવામાં તેમજ સામાજિક સમસ્યાઓ અને કુદરતી આફતો જેવા પડકારોનો સામનો કરવા માટે સક્ષમ બનાવે છે. કુદરતી સંશાધનોનું મહત્વ, સમાન વિતરણ અને તેનાં ઉપયોગ દ્વારા પ્રાપ્ત થતાં આર્થિક વિકાસને સમજવા માટે પણ સામાજિક વિજ્ઞાન મદદરૂપ થાય છે. સામાજિક વિજ્ઞાન લોકશાહીનાં સિદ્ધાંતો, નાગરીકત્વનાં મૂલ્યો, હકો અને ફરજો, સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સંદર્ભમાં આત્મસાત કરાવે છે. વંચિત વર્ગ તેમજ વિશિષ્ટ વર્ગ પ્રત્યે સંવેદનશીલતા અને સહાનૂભૂતિને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે. સંઘર્ષ નિવારણ કૌશલ્ય તેમજ શાંતિ નિર્માણની પ્રક્રિયા એ પણ મહત્ત્વનાં ક્ષેત્રો છે.

- અભ્યાસક્રમની અપેક્ષાઓ :

  આ તબક્કે વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે,
- પ્રાકૃતિક અને સામાજિક પર્યાવરણ સાથે આંતરસંબંધ સ્થાપવા. જ્ઞાનના ક્ષેત્રની સુસંગતતાને ઓળખે.
- ઘટનાઓના કારણે પ્રાકૃતિક અને સામાજિક પ્રક્રિયાઓ અને તેની સમાજમાં વિવિધ વિભાગો પરની અસરોને વર્ગીકૃત કરે અને તુલના કરે.
- વિવિધતામાં એકતા, લોકશાહી, વિકાસ, વિવિધ પરીબળો અને સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવનારા પરીબળોને સમજે છે.
- પ્રાકૃતિક અને સાંસ્કૃતિક ઘટનાઓને સમજવામાં વૈવિધ્યસભર અભિગમોની જરૂરીયાત પર ચર્ચા કરે છે.
- વિવિધ શાખાઓના આંતરિક અને શાખા-શાખા વચ્ચેનાં અનુબંધ અને આંતર સંબંધોનું નિદર્શન કરે છે.
- સમકાલીન વિશ્વમાં ઘટનાઓ, પ્રક્રિયાઓમાં જોવા મળતી વિશેષતાઓને ઓળખે છે.
- લોકશાહીના મૂલ્યો, સમાનતા, પરસ્પર આદર, ન્યાય અને સંવાદિતાને ઓળખે છે.
- અવલોકન, તપાસ, પ્રતિચાર, સમભાવ, વાતચીત અને વિવેચનાત્મક ચિંતન જેવાં કૌશલ્યોનું નિદર્શન કરે છે.
- પર્યાવરણની સમસ્યાઓ, સાતત્યપૂર્ણ વિકાસ, જાતિગત ભિન્નતાઓ, સમાજનાં પાછળ રહી ગયેલાં લોકો અને વિશિષ્ટ જરૂરીઆત ધરાવતાં લોકો પ્રત્યે સંવેદનશીલતા અને જાગૃતિ ઉત્પન્ન કરે છે.
- વિષયની વિવિધ સંકલ્પનાઓને વિવિધ તકનીકોનો ઉપયોગ કરી સરળ બનાવે છે.

સામાજિક વિજ્ઞાન વિષયની ધો. 9 અને 10 ની અધ્યયન નિષ્પત્તિઓ 12 વિશાળ ક્ષેત્રમાં સંકલિત કરવામાં આવેલ છે. દરેક ક્ષેત્ર સમાન કૌશલ્ય સમૂહ દર્શાવે છે. જેમાં સામાજિક વિજ્ઞાનની અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાને રાખી વિષયવસ્તુની રજૂઆત કરવામાં આવેલ છે. કેટલીક અધ્યયન-નિષ્પત્તિઓ ધો. 9 અને ધો. 10 બંનેમાં સામાન્ય જોવા મળે છે. શિક્ષક વિવિધ ઉદાહરણો દ્વારા તે અંગે શિક્ષણ કાર્ય કરાવી શકે. આવી અધ્યયન નિષ્પત્તિઓ તેનાં વિષયવસ્તુ અને મહત્વને ધ્યાને રાખી તૈયાર કરવામાં આવેલ છે. સંકલ્પનાઓ, ઐતિહાસિક ઘટનાઓ, સ્થળો, નામ, તારીખ વગેરે અધ્યયન નિષ્પત્તિને સમજવા માટે ઉદાહરણ રૂપ રજૂ કરેલ છે. રાજ્ય પોતાનાં સ્થાનિક પરિપ્રેક્ષ્યને ધ્યાને રાખી (સામાજિક વિજ્ઞાનનાં સ્થાનિક પાઠ્યક્રમ સંદર્ભે) તેને બદલી શકે છે.

**ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન**

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે જૂથમાં નીચે જેવી પ્રવૃત્તિઓ કરવાની તક આપવી અને પ્રોત્સાહિત કરવા.** | | **વિદ્યાર્થીઓ,** |
| | S0901 | તથ્યો અને આધારોને ઓળખી શકે છે અને પ્રક્રિયાઓનું વર્ણન કરી શકે છે. |
| 1. ભારતનાં રાજકીય નકશા અથવા 'School Bhuvan Portal', એન.સી.ઇ.આર.ટી.નું અવલોકન કરે છે. દા.ત. રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોનાં સ્થાન, કદ, આકાર વગેરે સંદર્ભે દર્શાવવા. | S0902 | સ્થળો, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને પ્રાકૃતિક લાક્ષણિકતાઓ ભારતના નકશામાં દર્શાવી શકે છે. |
| ● વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અંગેના વિવિધ સ્રોતો - પાઠ્યપુસ્તકો, વૅબસાઇટ, નકશાપોથી, નમૂના વગેરેમાંથી પ્રાપ્ત માહિતી અંગે ચર્ચા અને ચકાસણી કરવી. | S0903 | પ્રાકૃતિક વૈવિધ્ય, જંગલોનાં પ્રકાર, ઋતુઓને ઓળખીને વર્ણવી શકે છે. |
| ● વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અંગે ભાષા પહેરવેશ, સાંસ્કૃતિક પરંપરાઓ, ખાન-પાન વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરાવવી અને પ્રૉજેક્ટ કાર્ય કરાવવું. | S0904 | ભૌગોલિક સંકલ્પનાઓને વર્ણવી શકે છે.<br>જેમ કે જળ-પરિવાહ બેસિન, વર્ષાઋતુ, આબોહવા અને તાપમાન, વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ, વસ્તી ગીચતા. |
| ● ફ્રેન્ચ ક્રાંતિને પ્રભાવિત કરનારા વિચારકો જેવા કે જીન-પૉલ, મરાત, જીન જૅક રૂસો વગેરેનાં પ્રદાનનો અભ્યાસ કરવો. | | |
| ● લોકશાહી અને સરમુખત્યારશાહી શાસનપ્રક્રિયાને સમજવા માટે રાજકીય સંકલ્પનાઓ જેવી કે લશ્કરી કાયદો, વીટો પાવર, ક્રાંતિ, લોકમત સંદર્ભે ચર્ચામાં જોડવા. | S0905 | વાર્ષિક વિકાસ દરનો અંદાજ બાંધી શકે છે. |
| ● વર્ણન આધારિત ચર્ચા કરવી.<br>a) એ સમય જ્યારે સાર્વભૌમિક પુખ્ત મતાધિકાર પ્રથમ વખત આપવામાં આવ્યો હતો. | S0906 | અર્થશાસ્ત્રની સંકલ્પનાઓને વ્યાખ્યાયિત કરી શકે છે. દા.ત. ગરીબી, સાક્ષરતા, બેરોજગારી, ખાદ્ય સુરક્ષા, આયાત-નિકાસ વગેરે. |
| b) ઉપનિવેશવાદ (Colonialism)નો અંત કેવી રીતે થયો હતો ? | S0907 | ઉત્પાદનનાં વિવિધ પરિબળોની યાદી બનાવે છે. |
| ● ભારતીય બંધારણ અંગે વિગત એકઠી કરો અને તેનાં ઘડતરની પ્રક્રિયા અંગે ચર્ચા કરવી. | S0908 | ભારત અને વિશ્વને બદલનાર કેટલીક મહત્ત્વપૂર્ણ સામાજિક-રાજકીય અને આર્થિક ઘટનાઓ, સ્થળો, તેની સાથે જોડાયેલ વ્યક્તિઓ વિશે જાણે છે.<br>દા.ત. અમેરિકન ક્રાંતિ, ફ્રેન્ચ ક્રાંતિ, રશિયન ક્રાંતિ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ. |
| ● પોતાની આસપાસના પરિવેશમાંથી ઉત્પાદનનાં વિવિધ પરિબળો જેવા કે જમીન, મૂડી અને માનવ સંસાધનોની વિગતો એકઠી કરવી. | | |
| ● નજીકની સસ્તા અનાજની દુકાન અને સ્થાનિક | | |

## ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| બજારમાં વેચાતી ઉપલબ્ધ વસ્તુઓની કિંમતો સરખાવો અને તફાવતોનાં કારણ અંગે ચર્ચા કરો.<br>● અન્ન સુરક્ષામાં સહકારી ક્ષેત્રની ભૂમિકાનું વિશ્લેષણ કરો.<br>● ગરીબી, અન્ન સુરક્ષા, માનવ સંસાધન વિકાસને લગતી ઈ-સામગ્રી સહિત વિવિધ સંસાધનોનું અન્વેષણ કરવી. | S0909 | મહત્ત્વનાં ઐતિહાસિક સ્થળોને નકશામાં દર્શાવી શકે છે. |
| ● સમાજશાસ્ત્રીઓના દૃષ્ટિકોણથી ગરીબી-રેખાનું અનુમાન કેવી રીતે કરાય છે તેની ચર્ચા કરવી. | S0910 | કેટલાક સામાજિક જૂથોની અર્થ વ્યવસ્થા અને આજીવિકાનું વર્ણન કરે છે. |
| ● આસપાસની ભૌતિક વિશેષતાઓ અંગે જાણકારી એકત્ર કરી પોતાના મિત્રો સાથે તેની વિશેષતાઓ બાબતે ચર્ચા કરે અને અન્ય ભૂગોળને લગતા પ્રાકૃતિક વિભાગ સંદર્ભે તેની વિશિષ્ટતાઓ અંગે માહિતી પ્રાપ્ત કરવી.<br>● વિભિન્ન પ્રાકૃત્તિક ભૂગોળ સંદર્ભે આંકડાઓ અને વિગતો દ્વારા સામ્યતા અને તફાવત ઓળખવા.<br>● ભારતની ભૌગોલિક વિશિષ્ટતાઓના વર્ગીકરણ માટે ઉપસાવેલા (emboSS) નકશાનો/મૉડેલનો ઉપયોગ કરવો. | S0911 | લોકશાહી અને સરમુખત્યારશાહી સાથે સંકળાયેલ રાજકીય શબ્દો અને સંકલ્પનાઓને વર્ણવી શકે છે.<br>જેવી કે, મુક્ત અને તટસ્થ ચૂંટણીઓ, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, મુક્ત ન્યાયતંત્ર, જવાબદારી, કાયદાનું શાસન વગેરે. |
| ● ડેમોસ્લિન અને રોબેસ્પારના વિભિન્ન વિચારો જાણવાનો પ્રયત્ન કરાવો. તેઓએ રાજ્યસત્તાનો કેવી રીતે ઉપયોગ કર્યો, અત્યાચારની વિરૂદ્ધ સ્વતંત્રતાની લડત અંગે રોબેસ્પારનું શું મંતવ્ય છે, ડેમોસ્લિન સ્વતંત્રતાને કેવી રીતે સમજે છે વગેરે. | S0912 | ઘટનાઓ અને આંકડાઓનું પૃથક્કરણ અને તુલના કરે છે. |
| ● ફ્રાંસની બંધારણીય રાજાશાહી વિશે જાણકારી એકત્ર કરવી.<br>● બ્રિટન, સાઉદી અરબ અને ભૂટાન જેવા સમકાલીન વિભિન્ન રાજ્યતંત્રો પર ચર્ચા કરવી. | S0913 | ઘટનાઓ, તથ્યો, માહિતી અને આંકડાઓનું વર્ગીકરણ અને તુલના કરે છે. |
| ● ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિથી પડેલાં વિપરીત અસરોથી જોડાયેલી મહત્ત્વપૂર્ણ ઘટનાઓને સમયરેખા પર દર્શાવવા.<br>● ફ્રાન્સ વિશેની ઘટનાઓ જેમ કે બંધારણીય રાજતંત્ર, માનવ અધિકારો (હકો)ની ઘોષણા, | S0914 | આસપાસની ભૌતિક સગવડોનું વર્ગીકરણ કરે છે અને તેની તુલના અન્ય સ્થળોની ભૌતિક વિશેષતાઓ સાથે કરે છે. જેમ કે વસ્તી, વરસાદ. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ગણરાજ્ય બન્યા બાદ આતંકનું શાસન આ સમયરેખામાં વિદ્યાર્થી ફ્રેન્ચ ક્રાંતિ ઉપર વધારે જાણકારીઓ ઉમેરી શકે છે.<br>● શાસન પદ્ધતિના વિભિન્ન પ્રકારોની સુવિધાઓનું અધ્યયન અને ચર્ચા કરાવવી.<br>● સામાજિક બહિષ્કારની સાથે સાથે ગરીબી નિવારણ પર એક સામૂહિક (જૂથ) પ્રૉજેક્ટ તૈયાર કરવો. | S0915 | વિશ્વની મહત્ત્વપૂર્ણ ક્રાંતિઓ જેવી કે ફ્રેન્ચ, રશિયનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અને તે સમયગાળાની તુલના કરે છે. |
| ● શાકવાળા, છાપાવાળા, દૂધવાળા, ધોબી જેવાં ઓછામાં ઓછા દસ વ્યાવસાયિકો સાથે મુલાકાત કરી તેના (સરળ પ્રશ્નો તૈયાર કરીને) તેમને વિકાસ કરવા માટે નિર્દેશિત કરવું. | S0916 | દુનિયાભરમાં વિવિધ પ્રકારની શાસક-સરકારો વચ્ચેનો તફાવત જાણે છે. |
| ● જુદી-જુદી નદીઓનો ઉદ્‌ભવ, પ્રવહન-માર્ગ, મુખ્ય શહેરો, ઉદ્યોગોની વિગતો શોધાવવી. | S0917 | ભારતનાં રાજ્યો વચ્ચેનાં ગરીબી અને બેરોજગારીનાં પ્રમાણની તુલના કરે છે. |
| ● નદીનું પ્રદૂષણ શહેરનાં લોકોને કેવી રીતે અસર કરે છે તેની નદીઓનાં ઉદાહરણ સાથે ચર્ચા કરવી. | S0918 | સમકાલીન સમય જેમ કે, બ્રિટન, સાઉદી અરબ અને ભૂટાનનાં વિભિન્ન રાજ્યતંત્રોની તુલના કરે છે. |
| ● જૂથ પ્રૉજેક્ટમાં કામ કરી વિવિધ સ્રોતોથી માહિતી એકત્ર કરી શકે છે. જેવા કે, પુસ્તકો, સામયિકો, દૈનિક-પત્રો, ઇન્ટરનેટ, વડિલો સાથે ચર્ચા અને એક નકશામાં નદી અને તે સાથે તારવેલી વિગતો દર્શાવી અહેવાલ તૈયાર કરવો. | S0919 | ઘટનાઓ વચ્ચેના તથા ઘટનાઓ અને કારણ વચ્ચેના સંબંધ અને અસર સમજાવે. |
| ● વિશિષ્ટ બાળકો માટે ઉપસેલા (EmboSS) નકશા સાથે સમજ આપવી. | S0920 | પ્રદૂષણનાં કારણો અને તેની લોકોનાં જીવન પર પડતી અસર તપાસે છે. |
| ● 1905 ની રશિયન ક્રાંતિનાં સામાજિક, આર્થિક અને રાજનૈતિક કારણોની ઓળખ કરવી. ફ્લો ચાર્ટ, પી.પી.ટી, તે સમયગાળાના છાપાના કટિંગ્સ જેવા શિક્ષણ-સહાયક સાધનોનો ઉપયોગ કરવો. | S0921 | નદીતંત્ર પર અસર કરતા પરિબળો, આબોહવા, વસ્તી-વિતરણ, પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિ સમજાવે છે. |
| ● દુનિયાના નકશામાં ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિનાં સ્થળો ઓળખાવવાં. | S0922 | વિવિધ ક્રાંતિઓનાં કારણો અને અસરો સમજાવે છે. |
| ● એક ચર્ચાસભામાં ભાગ લો. જે ફેબ્રુઆરી-1917માં મજૂરોની હડતાલ, મજૂરો દ્વારા ભાડું આપવાનો ઇન્કાર અને જુદા-જુદા રાજકીય પક્ષો જેવા કે લિબરલ, સોશ્યલ ડેમોક્રેટેસ અને સામાજિક ક્રાંતિકારીઓની પ્રવૃત્તિઓ જેવા વિષયો પર હોય. | S0923 | સમકાલીન વિશ્વમાં આવા વિવિધ પરિવર્તનો સાથે વિવિધ સામાજિક જૂથો કઈ રીતે કરે છે અને પરિવર્તનોનું વર્ણન કરે છે. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ક્રાંતિ અને સામાજિક પરિવર્તનની વિભાવના ઉપર ચર્ચા કરાવવી. | | |
| ● ફ્રાન્સ અને રશિયન ક્રાંતિની જેમ કેટલીક ક્રાંતિઓ લોહિયાળ સંઘર્ષનું પરિણામ છે તે બાબતને સ્પષ્ટ કરે. | S0924 | ક્રાંતિ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો તફાવત સમજાવે છે. |
| ● ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ, શ્વેત અને ભૂરી (બ્લ્યૂ) ક્રાંતિ જેવી શાંતિપૂર્ણ ક્રાંતિઓ પર ચર્ચા કરો. | | |
| ● સમૂહ માધ્યમો અને અન્ય સ્રોતો દ્વારા વર્તમાન માહિતી એકત્ર કરો અને લોકશાહીની સફળતાના ઉપાયો ઉપર ચર્ચા કરો. | S0925 | વિશ્વના જુદા-જુદા દેશોમાં લોકશાહી સરકારની રચનાની રૂપરેખા આપે છે. |
| ● દુનિયાનાં લોકશાહી ધરાવતા રાષ્ટ્રો અને તેની સ્થાપનાનો ઇતિહાસ એ સંજોગો વિશે જાણકારી એકત્રિત કરી તેનાં પર ચર્ચા કરો કે જેના આધારે સરકાર સ્થપાઈ હોય. | S0926 | લોકશાહીમાં પરિવર્તનની પ્રક્રિયા સમજાવે છે. |
| ● લોકો દ્વારા, લોકો માટે અને લોકોની સરકારના રૂપમાં લોકશાહી તંત્ર પર ચર્ચા કરો અને કેટલાક ઉદાહરણો તારવો. | S0927 | ભારતીય નાગરિકોનાં બંધારણીય મૂલ્યો અને લોકશાહીનાં હકોને ઓળખે છે. દા.ત. લોકશાહી, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા વગેરે. |
| ● વર્તમાનપત્રોના કટિંગ્સ અથવા શિક્ષક સરકારી અહેવાલમાંથી ગરીબી, અન્ન-સુરક્ષા વિશે આંકડાકીય વિગતો અને માહિતી આપી શકે છે, ચર્ચા કરાવી શકે. | S0928 | આર્થિક મુદ્દાઓનાં કારણો અને અસર સમજે છે. જેવા કે ગરીબી, ભૂમિહિનતા, ખાદ્ય અસુરક્ષા. |
| ● આબોહવા પર અસર કરનારા પરિબળોનો પરિચય આપવો - અક્ષાંશ, ઊંચાઈ, દબાણ, પવનપટ્ટાઓ અને સમુદ્રથી અંતરની ચર્ચા કરી વિભિન્ન ભૌગોલિક ક્ષેત્રોની આબોહવાને તે કેવી રીતે પ્રભાવિત કરે છે તેની ચર્ચા. | S0929 | સામાજિક બહિષ્કાર અને તફાવતોની અસરનું વિશ્લેષણ કરે છે. |
| | S0930 | માહિતીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરે છે. |
| ● પર્વતીય ક્ષેત્રો અને મેદાની ક્ષેત્રોની આબોહવા અલગ-અલગ કેમ છે તેની ચર્ચા કરાવવી. | S0931 | ભારત અને વિશ્વના વિવિધ ક્ષેત્રોમાં અનુભવાતી જુદા-જુદા પ્રકારની આબોહવાનું વિશ્લેષણ કરે છે. |
| ● સાંસ્થાનિક શાસન દરમિયાન ભારત સહિત દુનિયાના વિભિન્ન ક્ષેત્રમાં નવીનીકરણ માટે જવાબદાર પરિબળો જેવા વિષયોની તપાસ કરવી. | | |
| ● જંગલ અધિનિયમ-1865, 1878 અને 1927માં તેમાં થયેલ સુધારાથી આદિવાસીઓ અને ગ્રામ- | S0932 | નવીનીકરણ માટેના જવાબદાર મુખ્ય પરિબળો તપાસે છે. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| સમુદાયો ઉપર તેની અસર અંગે માહિતી મેળવવી. | | |
| ● નાઝીવાદ ઉપરની ચર્ચામાં તેનો ઉદ્ભવ, હિટલર અંગે વર્તમાનપત્રોના કટિંગ્સ, પોસ્ટર, વીડિયો, ભાષણો એકઠાં કરાવવાં. કેવી રીતે નાઝીવાદથી માનવ-સંહારક યુદ્ધ આગળ વધ્યું અને તેનાં પરિણામે યહુદીઓ, જીપ્સી અને પૉલીસ (પૉલેન્ડનો વતની) નાગરિકોની હત્યા કરવામાં આવી. | S0933 | ભારતીય સંસદ અને ન્યાયતંત્રના કામકાજની રૂપરેખા બનાવે છે. |
| | S0934 | સાક્ષરતા અને ગરીબી જેવા મહત્ત્વના વિકાસચિહ્નોના સંદર્ભે ઐતિહાસિક વિગતોનું વિશ્લેષણ કરે છે. |
| ● મોક-પાર્લામેન્ટ અને મોક-અદાલતી કાર્યવાહીનું આયોજન કરવું. જેમાં વિભિન્ન લોકતાંત્રિક હકો વિષય રાખી શકાય.<br>● દુષ્કાળનાં દશ્યો બતાવી એક મિનિટની વાત (O.M.T. - One Minute Talk) રજૂ કરાવવી.<br>● જુદા-જુદા નકશાના સહ-સંબંધો સમજે અને ઉદાહરણ માટે ભૌતિક સુવિધાઓ અને પાણીનો નિકાલ, વસ્તી જેવા પાસા આધારે નિરીક્ષણ કરાવવું.<br>● સ્કૂલ ભુવન પોર્ટલ પર જુદા-જુદા નકશા શોધો અને તેને અન્ય નકશા પર Overlay કરવાની તકો આપવી.<br>● જુદી-જુદી વિભાવનાઓ સમજવા માટે નકશાપોથીના નકશાનો ઉપયોગ કરાવવો. | S0935 | મહત્ત્વની સરકારી વિકાસલક્ષી યોજનાઓના પ્રભાવની ચકાસણી કરે છે. જેનો હેતુ (એ) ગરીબી-નિર્મુલન (બી) અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવી. (સી) સ્વ-રોજગારની તકો પૂરી પાડવી અને આરોગ્ય અંગેની સુવિધાઓ પૂરી પાડવી. |
| ● ફ્રેન્ચ અને રશિયન જેવી જુદી-જુદી ક્રાંતિઓથી જોડાયેલા સ્થળો શોધવા અંગેનું કૌશલ્ય પ્રદર્શિત કરવાની તક આપવી. | S0936 | ભારતમાં નદી, જળતંત્ર પ્રણાલીનો નકશો, પ્રાકૃતિક ભૂગોળ સંબંધી વસ્તીનું વિતરણ. |
| ● ભૂતકાળ અને વર્તમાનમાં સ્થળોની ભૌગોલિક સીમાઓના ફેરફારો અને તેના કારણો વિશે જણાવો, જે કારણોથી આ ફેરફાર થયા છે તેને પાઠ્યક્રમના વિષય સાથે જોડવા. | S0937 | ભારત અને દુનિયાના અન્ય દેશો માટે માલસામાન અને લોકોની અવરજવરના નકશા. |
| ● જુદા-જુદા સંકેતોનો અભ્યાસ કરી જે ભારત અને દુનિયાની રૂપરેખાના નકશા પર માર્ગો, રેલમાર્ગો, ઈમારતો, સ્મારકો, નદીઓ વગેરેને દર્શાવે છે તેનો ઉપયોગ અધ્યયનમાં થીમ અનુસાર કરી શકાય છે. | S0938 | ગ્રંથો અને સંકેતોનું અર્થઘટન જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાને પ્રદર્શિત કરે છે.<br>● વ્યંગચિત્રો<br>● છબીઓ |

## ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ઓર્થોકોટો નકશો (Arial view map) અથવા સૅટેલાઈટ Imageની જાણકારી મેળવી તેના આધારે વાસ્તવિક્તા સાથે તેની માહિતીની તુલના કરવી.<br>● રાજયો અને સંસદીય ચૂંટણી વિસ્તારોના સીમાંકન માટે ભારતના રાજકીય નકશાનો ઉપયોગ કરાવવો.<br>● ઉચ્ચ અને નિમ્ન ગરીબી, સાક્ષરતા આંક, અનાજનું ઉત્પાદન અને રાજ્યો વચ્ચે તફાવતનાં કારણો સમજવા ભારતના રાજ્યોના નકશાનો ઉપયોગ કરાવવો. | | ● ભીંતપત્રો<br>● સામાજિક અને રાજનૈતિક મુદ્દાઓથી જોડાયેલ વર્તમાનપત્રનાં કટિંગ્સ.<br>● ખેત-ઉત્પાદન, સાક્ષરતા, ગરીબી અને વસ્તીથી જોડાયેલી વિગતોને આધારે સ્તંભાલેખ અને પાઈ ચાર્ટ તૈયાર કરવો. |
| ● ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોનાં જુદા-જુદા વ્યવસાયમાં જોડાયેલા વ્યક્તિઓની છબીઓ પસંદ કરો અને અર્થ-વ્યવસ્થાના ત્રણ ક્ષેત્રોમાં વર્ગીકૃત કરાવવી.<br>1. શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં રહેલી બેરોજગારી. | S0939 | સામાજિક વિજ્ઞાન સાથે સહ-સંબંધ જોડે છે. દા.ત. |
| 2. જુદા-જુદા રાજ્યોમાં રહેલી ગરીબી અને તેના સરકારી અહેવાલમાંથી આંકડા અને માહિતીનું સંકલન કરાવવું.<br>● વસતિ પર આધારિત અનાજનું ઉત્પાદન, અન્ન અસુરક્ષાના આંકડાનું પ્રતિનિધિત્વ કરવા માટે યાદીનો ઉપયોગ કરો. લોકોના કલ્યાણ સંદર્ભે તેનું અર્થઘટન કરાવવું. | S0940 | પ્રાચીનકાળથી જ્યાં વેપાર અને સંચાર માટે ભારતના વિવિધ રસ્તાઓ અને દરિયાઈ બંદરો વચ્ચે સહસંબંધ જોડે છે. |
| ● યાદીઓને આધારે સ્તંભ ચાર્ટ અને પાઈ ચાર્ટ બનાવો.<br>● વર્તમાનપત્ર કટિંગ્સ દ્વારા અથવા શિક્ષક સરકારની વિવિધ યોજનાઓના અહેવાલમાંથી ગરીબી, ખાદ્ય સુરક્ષા, સામાજિક બહિષ્કાર કે તફાવતો, તેનાં કારણો અને સમાજ પર પડતા પ્રભાવ અંગેની માહિતી આપવામાં આવે. | S0941 | ચુનાવી મતદાન ક્ષેત્રોનું ભૌગોલિક મહત્ત્વ ચકાસે છે. |
| ● સ્તંભ ચાર્ટ, પાઈ ચાર્ટ બનાવી તેમાં વિવિધ માહિતી આલેખિત કરાવવી. | S0942 | કૃષિના એક ભાગ તરીકે ખાદ્ય-સુરક્ષાનું વિશ્લેષણ કરે છે. |
| ● વિષયોનો અન્ય વિષય સાથે અનુબંધ સ્થાપવો. જેમ કે ઉત્તરમાં જુદા-જુદા માર્ગ અને દક્ષિણમાં બંદરોથી મુસાફરોને રસ્તો અપાયો છે તથા | S0943 | વસ્તી વિતરણ અને ખાદ્ય સુરક્ષા વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરે છે. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| પ્રાચીનકાળથી વિચારો અને વસ્તુઓનાં આદાન-પ્રદાનમાં આ માર્ગો દ્વારા કેવી રીતે યોગદાન અપાયું છે તેની માહિતી આપવી.<br>● સંસ્થાનવાદના સમયમાં નવીનીકરણ અને આદિવાસીઓના જીવન પર તેની અસરો, સાંસ્થાનિક અને વર્તમાન સમયમાં જંગલ હેઠળ-આવનારી જમીન-સીમા જેવા ભૌગોલિક પ્રશ્નો સાથે જોડાયેલી જંગલોના કપાવાની ચર્ચા કરો. | S0944 | આદિવાસીઓ આર્થિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ સહિત વિવિધ સામાજિક જૂથોના આજીવિકાની પદ્ધતિઓ વચ્ચે રહેલ આંતર સંબંધોને ઓળખે છે. |
| ● ભૂતકાળ અને વર્તમાનમાં વનઅધિનિયમ મહિલાઓ તથા અન્ય આદિવાસી સમૂહોને કઈ રીતે અસર કરે છે તેની ચર્ચા કરાવવી.<br>● કેટલાક રાજનૈતિક વિકાસ અને સરકારના નિર્ણયોનો અભ્યાસ કરો અને ભૌગોલિક મહત્ત્વ તથા ચૂંટણીના ક્ષેત્રના દૃષ્ટિથી જોવું.<br>● દેશોના ભૌગોલિક-રાજનૈતિક મહત્ત્વને ધ્યાને રાખી લોકતાંત્રિક આંદોલનના ઈતિહાસનો અભ્યાસ કરાવવો.<br>● 1940ની ઐતિહાસિક ઘટનાઓ અને 1946-49ના સમયગાળા દરમિયાન ભારતીય બંધારણ રચનાની પ્રક્રિયાનો અભ્યાસ કરાવવો. | S0945 | માન્યતાઓ, પૂર્વગ્રહો અને પરપંરાઓને ઓળખે છે. દા.ત.<br>● પુસ્તકો<br>● ચલચિત્રો<br>● રાજનૈતિક વિશ્લેષણ<br>● સમાચાર<br>● ભારતના વિવિધ ભૌગોલિક વિસ્તારના લોકો<br>● મહત્ત્વપૂર્ણ સરકારી કલ્યાણકારી યોજનાઓ. |
| ● ભૂગોળ અને ખેતીના ઘટકના રૂપમાં ઉત્પાદન અને અન્ય સુરક્ષાને ધ્યાને રાખો, ભૌગોલિક સંસાધન સ્વરૂપે જમીન અને ખેતીના મુદ્દા ઉપર નિરૂપણ કરાવવું.<br>● લોકશાહીમાં માનવ અધિકારનું મહત્ત્વ સમજવા માટે રાજનૈતિક પાસાઓ સાથે તેનો સંબંધ જાણે અને નાગરિકોને અર્થ વ્યવસ્થા માટે માનવ સંશાધનના રૂપમાં જોવું. | S0946 | જિજ્ઞાસા/પૂછપરછના કૌશલ્યને પ્રદર્શિત કરે છે અને આ અંગેના પ્રશ્નો રજૂ કરે છે. ઉ.દા. |
| ● 3-શેડ્સ, મિર્ચ મસાલા, મંથન જેવી ફિલ્મો બતાવી અને તેને ઓછી આવક અને ગરીબી સાથે જોડવી અને તેના આધારે વર્ગમાં આર્થિક વિકાસ અને પર્યાવરણ સરક્ષણ વચ્ચેના સંઘર્ષ પર ચર્ચા કરવી. | S0947 | ભૌગોલિક ઘટનાઓ જેમ કે વર્ષાઋતુનું તંત્ર અને પ્રાકૃતિક આપત્તિઓના કારણો |
| ● રાષ્ટ્રીય વસ્તી ગણતરી નીતિ-2000 વાંચીને | S0948 | ભારત/તેના પોતાના પ્રદેશોમાં હરિયાળી ક્રાંતિના પ્રભાવ. |

## ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| કિશોરાવસ્થા સંબંધી સામગ્રીની ચર્ચા કરવી.<br>● જુદા-જુદા લેખકના સાહિત્યિક કાર્યોને વાંચે તો તેની હકીકત અને કથા વચ્ચેનું અંતર સમજે અને તેનાથી ઐતિહાસિક સ્રોતોની વ્યાખ્યાઓ કરે. | S0949 | ભારત અને દુનિયામાં ફ્રાન્સની ક્રાંતિનો ઐતિહાસિક વારસો. |
| ● આપણા ઐતિહાસિક ભૂતકાળના વિભિન્ન બિંદુઓ ઉપર આધારિત નવલકથાઓ, આત્મકથાઓ અને કવિતાઓનું વિશ્લેષણ કરાવવું. | S0950 | એકત્ર કરેલી/આપવામાં આવેલી જાણકારીનાં આધાર ઉપર તર્ક અને વિચારોનું નિર્માણ કરે છે.<br>દા.ત. |
| ● જુદા-જુદા લોકોની વિચારસરણીઓ, પૂર્વગ્રહો, ધારણાઓનો અંદાજ લગાવે અને તેના પર ચર્ચા કરવા માટે ચિત્રો, કાર્ટૂન વર્તમાનપત્રોના કટિંગ્સનો ઉપયોગ કરો. શિક્ષક-વિદ્યાર્થીઓને સામાજિક, રાજનૈતિક અને આર્થિક પાસાઓના ઉદા.ના ઉપયોગ કરી હકિકત અને વિચારો વચ્ચેના અંતરનો ખ્યાલ મેળવે અને તે અંગે માર્ગદર્શન આપવું. | S0951 | જુદી-જુદી આબોહવાકીય પરિસ્થિતિઓ સાથે લોકોનું અનુકૂલન. |
| ● પુરાતત્વીય ઔષધ, દસ્તાવેજો, મૌખિક વાતો જેવા અન્ય સ્રોતોનો ઉપયોગ કરી અભ્યાસ માટેની જરૂરી તમામ માહિતીની ખબર મેળવવી અને તેનું નિર્માણ કરાવવું. | S0952 | ઐતિહાસિક ઘટનાઓમાં યોગદાન આપનાર વ્યક્તિઓનાં લેખિત અને મૌખિક વર્ણન. |
| → નીચેના પ્રશ્નો ઉપર ચર્ચા કરી શકાય છે.<br>● આ સ્રોતો કોના માટેના છે ?<br>● તેના લેખક કોણ છે ?<br>● આનાથી કયો સંદેશ મેળવી શકાય છે ?<br>● શું આ ઉપયોગી છે ?<br>● શું આનાથી સમગ્ર ઘટનાને સમજી શકાય છે ?<br>● આ સમજવા માટે ઐતિહાસિક દસ્તાવેજો રાખવા, વ્યક્તિ-વ્યક્તિવાદથી મુક્ત નથી. | S0953 | માનવ-સંસાધન તરીકે લોકો. |
| ● ફ્રાન્સની ક્રાંતિના દસ્તાવેજી ઉદા.થી તેને નાટકીય રૂપ આપીને રજૂઆત કરવી. ઓલેપી ગોજેસ દ્વારા પુરુષો અને નાગરિકોના અધિકારોની ઘોષણામાંથી સ્ત્રીઓને બાકાત રાખવાના વિરોધ પર એક ઐતિહાસિક પૂર્વગ્રહ સામે લાવવાનું કામ | S0954 | કાર્યક્રમ અને ઘટનાઓ અંગે અગાઉથી અનુમાન કરે છે. દા.ત.<br>● ઋતુઓ<br>● પ્રદૂષણ અને બિમારીઓ<br>● દુષ્કાળ અને ગરીબી |
| કરે છે. | S0955 | નિર્ણય લેવા/સમસ્યાને ઉકેલવાનું કૌશલ્ય દર્શાવે છે. દા.ત. |

## ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● નિયમિતરૂપમાં ટી.વી. કે સમાચાર પત્રોના જુદા જુદા મુદ્દાઓ અને ઘટનાઓ ઉપર આપવામાં આવતા નેતાઓનાં નિવેદનોની ચર્ચા કરાવવી. શિક્ષક અનુસંધાનમાં ઉદાહરણ આપી શકે છે અને માન્યતાઓ, પૂર્વગ્રહો, રૂઢિઓ પર પોતાના દરેક વિદ્યાર્થીના અંગત જુદા-જુદા વિચારો હોઈ શકે છે.<br>● જુદા-જુદા ક્ષેત્રોમાં મજૂરી કરી રહેલા સ્ત્રી અને પુરુષોને આપવામાં આવતી મજૂરીનું વિવરણ કરવું. અને સૂચિ તૈયાર કરવી. તેના ઉપર ચર્ચા કરવી અને જો ભેદભાવ હોય તો તે અંગેના કારણો રજૂ કરવાં.<br>● ખાદ્ય-સુરક્ષા, રોજગારી અને સ્વાસ્થ્ય તેમજ શિક્ષણમાં વધારો કરવા માટે જુદી-જુદી સરકારી યોજનાઓની સમીક્ષા કરવી.<br>● વર્ષાઋતુના પર્યાવરણીય તંત્રને સમજવા માટે પ્રશ્નો પૂછવા અને ઉત્તરો મેળવવા. ઉદા. તરીકે જમીન અને પાણીને ગરમ થવામા પડતા અંતરનો પ્રભાવ, અલનીનો અને દરિયાઈ પ્રવાહોના સ્થળાંતરનો વરસાદ પર પડતો પ્રભાવ.<br>● જુદા-જુદા પ્રકારના પ્રાથમિક અને દ્વિતીય સંસાધનોને મેળવવા માટે સંશોધન કૌશલ્યનો ઉપયોગ કરવો અને તે જાણે કે ફ્રાન્સ, યુરોપના બાકી ભાગ કરતા જુદા-જુદા પોતાના ક્ષેત્રિય સંઘર્ષોમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વથી પ્રેરિત રાજનૈતિક આંદોલનોના આદર્શ કેવા છે. સામૂહિક રીતે આ બાબત પર પોસ્ટર, ચિત્રો, મલ્ટીમિડીયા માર્ડેન ફિલ્મ તૈયાર કરી શકાય છે.<br>● જુદા-જુદા સમાચાર પત્રો, સામયિકો, પુસ્તકોમાંથી વિભિન્ન સામાજિક, રાજનૈતિક, સાંસ્કૃતિક તેમજ અન્ય સ્થાનિક મુદ્દાઓ ઉપર માહિતી એકત્ર કરી સમાન મુદ્દાઓ ઉપર વિભન્ન વિચારોની તુલના કરાવવી.<br>● વંચિત સમુદાયો સાથે કરવામાં આવતી ભેદભાવભરી નીતિનો એક વિશેષ આર્થિક સમસ્યાની કલ્પના કરાવી ચર્ચા કરવી. | S0956 | → જલ-પ્રદૂષણની અસર ઓછી કરવી.<br>→ સંસાધનોનું સંરક્ષણ<br>→ ખોરાકની અછતની સમસ્યા<br>→ ભારતમાં ભૂખમરો અને દુષ્કાળથી બચવું.<br>→ ઐતિહાસિક ઘટનાઓ અને વિકાસ માટે સંસાધનોની પ્રાપ્તિ અંગે નિર્ણય લેવા.<br>કૌશલ્યોને પ્રેરિત કરે છે અને સંવેદનશીલતા દર્શાવે છે. દા.ત.<br>– સમાજના દિવ્યાંગ, વંચિત જૂથો જેવા કે અનુસૂચિત જનજાતિ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે.<br>– રાજનીતિક વિવિધતાની સરાહના કરે છે.<br>– સાંસ્કૃતિક વિવિધતાની સરાહના કરે છે.<br>– ધાર્મિક વિવિધતાની સરાહના કરે છે.<br>– ભાષાકીય વિવિધતાને ઓળખે છે.<br>– સામાજિક વિવિધતાને ઓળખે છે.<br>– યુદ્ધ, માનવસંહાર, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓથી અસરગ્રસ્ત લોકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે.<br>– શારીરિક અને માનસિક હિંસા કઈ રીતે માનવને અપાર દુઃખ તરફ ધકેલે છે તે દર્શાવે છે.<br>– નાગરિકત્વની ભાવના દર્શાવે છે જેવી કે સ્વચ્છતા, સમયપાલન, નિયમપાલન વગેરે. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● હરિયાળીક્રાંતિ ઉપસામગ્રીલક્ષી સમીક્ષા.<br>● માહિતી-અનુભવો થકી વિવરણનો આધાર મેળવવું.<br>ઉદા. માટે (ક) કોઈપણ સ્થાનની ભૌગોલિક વિશેષતા વહેચણીનો કેવી રીતે પ્રભાવિત કરે છે.<br>(ખ) કોઈપણ ક્ષેત્રની વાતાવરણીય પરિસ્થિતિ, પ્રાકૃતિક વનસ્પતિઓને કેવી રીતે પ્રભાવિત કરે છે.<br>● વાઘ અને નદીઓના સરંક્ષણ માટેની યોજનાઓ જેવા વિષયો ઉપર નાટકો તૈયાર કરાવો અને ભારતમાં વાઘ સંરક્ષણ માટે કરવામાં આવેલી કામગીરી પર ચર્ચા કરાવવી.<br>● જુદા-જુદા દંતકથાઓના અનુભવેલા અનુભવોને સંગ્રહિત કરાવવા. તેના માટે ઇન્ટરનેટ અને યુ ટ્યુબનો ઉપયોગ કરી શકે. જેમ કે નાઝીવાદના અત્યાચારોનો અનુભવ કરતો હોય.<br>● ઇન્ટરનેટના માધ્યમથી જુદી બાબતો બતાવવામાં આવે અને વસતીની ગુણવત્તાના સંબંધમાં અભ્યાસની સમીક્ષા કરવામાં આવે.<br>● વિભિન્ન સ્રોતો જેવા કે દૈનિક સમાચારપત્રોમાંથી મોસમ અને વસતીથી સંબંધિત જાણકારી એકઠી કરી એકત્ર કરેલા સંદર્ભોનું વિશ્લેષણ કરાવવું.<br>● ફ્રાન્સની ક્રાંતિ ઉપર એક નાટક તૈયાર કરે અને તેમાં પાદરી, રાજપરિવાર વેપારીઓ, ખેડૂતો અને કારીગરોની ભૂમિકા ભજવવામાં આવે.<br>● બધા જ સમૂહોના હાવભાવ દ્વારા યોગ્ય પ્રસ્તુતિથી તેમને રજૂ કરેલી ભાવનાઓ ઉપરથી ધારણાઓનું નિષ્કર્ષ કઢાવવો.<br>● ભારતમાં દુષ્કાળ અંગેની માહિતી એકઠી કરવી. વસાહતીય સમયગાળા દરમિયાન પડેલા દુષ્કાળોના કારણોની સમીક્ષા કરવી.<br>● સ્વતંત્રતા પછી જો ભારતમાં દુકાળ પડ્યા હોત તો શું થઈ શક્યુ હોત તેની ચર્ચા કરો અને તેને | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| નિવારવા માટેના પગલાં લીધાં તેની ચર્ચા કરવી.<br>● નદી પ્રદૂષણ, વસતી વધારો, વનસ્પતિ અને પ્રાણી જગતની સુરક્ષા સાથે સંબંધિત સમસ્યા પેદા કરવાવાળા પરિબળોની ઓળખ કરવી અને તેના નિવારણ માટે લઈ શકાય તેવા રચનાત્મક, સમીક્ષાત્મક ઉકેલો વિચારવા.<br>● માનવ અધિકારોના ઉલ્લંઘન સંબંધિત બાબતોમાં વિવિધ રીતે હિંસાનો થતો ઉપયોગ એ ઉચિત દૃષ્ટિકોણ છે કે નથી તેના ઉપર અભ્યાસપૂરક જૂથ ચર્ચાનું આયોજન કરવું.<br>● કાર્યક્રમો અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો, દૈનિક કામગીરી, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેમાં ઊભી થતી સમસ્યાઓને દૂર કરવી અને તેના માટે નિર્ણય લેવાના કૌશલ્યની આવશ્યકતા જરૂરી છે.<br>● કેટલાક સિમિત લોકોના હાથમાં સંસાધનો અને તેના પ્રભાવને બતાવવા માટે સમાચારપત્રો અને સામયિકોનો ઉપયોગ કરવો.<br>● અમીર અને ગરીબ વચ્ચેના વહેંચાયેલાં સંસાધનોના સંદર્ભમાં રહેલી અસમાનતાના કારણો અને પ્રભાવનું વર્ણન કરાવવું.<br>● વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિનું મહત્ત્વ, આપત્તિ માટેની પૂર્વ તૈયારી, કચરાનું વ્યવસ્થાપન અંગેના સમૂહ (જૂથ) પ્રૉજેક્ટમાં ભાગ લેવરાવવામાં આવે.<br>● પર્યાવરણીય સંરક્ષણ (વનસ્પતિ અને જળ સ્રોતો, વગેરે) આંતરીક અને આંતરરાષ્ટ્રીય જળવિવાદો અને પ્રકૃતિ-માનવ વચ્ચેના સંબંધોને વધારવાવાળી પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવામાં આવે.<br>● પોતાના નાગરિકોના આરોગ્ય, શિક્ષણ, રોજગાર સુરક્ષા અંગેના પ્રશ્નો કરે. આ પ્રશ્નોના ઉકેલની ચર્ચા માટે વિવિધ સમુદાયોમાંથી લોકોને આમંત્રિત કરવા. | | |

ધોરણ - 9 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● વિવિધ ઐતિહાસિક ઘટનાઓ માટે ફિલ્મો, ઓડિયો, ફોટોગ્રાફ્સ, દસ્તાવેજો (આધારો) અને ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલા નેતાઓના વક્તવ્યો સાથેના પુરાવાઓ એકત્રિત કરવા.<br>● નાઝીવાદ અને અનુસૂચિત જનજાતિઓના ઉત્થાન અંગેના પ્રૉજેક્ટ હાથ ધરવા.<br>● સ્વાતંત્ર્ય સંગ્રામની વિવિધ ચળવળોમાં ગાંધીજીએ અપનાવેલી સત્યાગ્રહ અને અહિંસાની વ્યૂહરચના પર ચર્ચા કરવી.<br>● જનસંહારમાંથી બચી ગયેલા લોકોના અનુભવોના પ્રકાશિત રેકોર્ડસનું અન્વેષણ અને પરીક્ષણ કરવું.<br>● વંચિત જૂથો, લઘુમતીઓ, દેશભકિતને પ્રોત્સાહન, રાષ્ટ્રીય એકતા, સમાનતા, તમામ માનવોનો આદર, નાગરિકની ફરજો અંગેની સ્થિતિ સુધારવા માટેની બંધારણીય જોગવાઈઓનો અભ્યાસ કરવો.<br>● ગરીબી અને અન્નથી વંચિત લોકોની સમસ્યાઓને ઉજાગર કરવા માટે રોલ પ્લે/નાટિકામાં જોડવા.<br>● નિર્ધારિત જૂથ માટે આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરવઠો પહોંચાડવા તમારા નજીકના વિસ્તારમાં આવેલી સસ્તા અનાજની દુકાનોની વ્યવસ્થાને ઓળખવી.<br>● જાતિગત સમાનતા અને ગૌરવ પર એક નાનું વક્તવ્ય લખે. (વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા અને વંચિત જૂથો) | | |

## ધોરણ - 10 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| • વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સમૂહમાં પ્રવૃત્તિઓ કરવા માટે તક આપી શકાય છે અને પ્રોત્સાહિત કરવા. જેમ કે,<br>• આસપાસની જમીનના માટીનાં નમૂના એકત્ર કરી તેના રંગ, બનાવટ અને સંરચનાની મદદથી તેને ઓળખે. નકશામાં બતાવવામાં આવેલાં ભૌગોલિક ક્ષેત્રો સાથે તેનો સંબંધ કેળવે અને માટીના નિર્માણની પ્રક્રિયાનું અધ્યયન કરે.<br>• ભારતનાં વિભિન્ન પ્રકારનાં નકશાઓ જેવા કે, રાજનૈતિક, ભૌતિક, રેખાંકિત નકશાઓ ભીંત નકશાઓ, નકશાપોથી, સંજ્ઞાસૂચિ દ્વારા જે તે ક્ષેત્રનાં ખેતીનાં પાકો, ખનીજો વગેરેનાં ઉત્પાદનો દર્શાવવાં.<br>• પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે Emboss નકશાનો ઉપયોગ કરાવવાં.<br>• ભૂગોળનાં શબ્દકોષમાંથી સંસાધનો, આત્મનિર્વાહ ખેતી, વૃક્ષારોપણ વગેરેનો અર્થ શોધે.<br>• ભારતની સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન થયેલ વિવિધ રાષ્ટ્રીય આંદોલનોનાં સ્ત્રોતોનો અભ્યાસ કરે અને તપાસે.<br>• રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદની સંકલ્પનાઓથી પરિચિત કરવા.<br>• જુદા જુદા સામાજિક અને રાજકીય સમૂહો તેમ જ વ્યક્તિઓના લખાણો અને આદર્શોથી પરિચિત થાય.<br>• 1921ના અસહકારના આંદોલનમાં સામેલ થયેલ સામાજિક સમૂહોનાં વિવરણો એકત્ર કરાવવાં.<br>• ભારતના રાષ્ટ્રીય આંદોલનોની મહત્વપૂર્ણ ઘટનાઓ અંગે સમયરેખા તૈયાર કરાવવાં.<br>• ભારતની મુખ્ય ભાષાઓ અને તે ભાષા બોલનાર વ્યક્તિઓની સંખ્યાનું વિવરણ ભારતની વસતિ-ગણતરીના તાજેતરની આંકડાકીય માહિતી એકત્ર કરી તેની ચર્ચા કરાવવી. | S1001 | વિદ્યાર્થીઓ, તથ્યો અને આંકડાઓને ઓળખે છે, યાદ કરે છે અને પ્રક્રિયાઓનું વર્ણન કરે છે. |
| | S1002 | જુદા-જુદા પ્રકારની જમીન, ખનિજો, પુનઃપ્રાપ્ય અને પુનઃ અપ્રાપ્ય ઉર્જાઓ વગેરે. |
| | S1003 | ભારતના નકશામાં કોલસો, લોખંડ, ખનિજતેલ, ચોખા, ઘઉં, ચા, કોફી, રબર, સુતરાઉ કાપડના ઉત્પાદન કરતા ક્ષેત્રો દર્શાવે છે. |
| | S1004 | ભૂગોળનાં મહત્ત્વપૂર્ણ શબ્દોને વ્યાખ્યાયિત કરે છે. જેમ કે, સંસાધન, નવીનીકરણ, અનવીનીકરણ, આત્મનિર્ભર ખેતી, વૃક્ષારોપણ, સ્થળાંતરિત ખેતી વગેરે. |
| | S1005 | ટકાઉ વિકાસ, ઘરેલું ઉત્પાદન, માથાદીઠ આવક, માનવ-વિકાસ સૂચકાંક, બહુ-રાષ્ટ્રીય કંપની, વિદેશી રોકાણ જેવા આર્થિક શબ્દોને વ્યાખ્યાયિત કરવા. |
| | S1006 | નાણાનાં વિવિધ સ્વરૂપો, આવકના સ્ત્રોતો તથા ગ્રાહકના અધિકારોની યાદી બનાવે. |
| | S1007 | કેટલીક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ જેવી કે ફ્રાન્સની ક્રાંતિ, રાષ્ટ્રવાદ, ઉદ્યોગીકરણ, વૈશ્વિકીકરણ અને શહેરીકરણ સાથે જોડાયેલા લોકોનાં નામસ્થાન અને તવારિખ યાદ કરે છે. |
| | S1008 | રાષ્ટ્રવાદ, વસાહતવાદ, પાશ્ચાત્ય લોકશાહી, સત્યાગ્રહ અને સ્વતંત્રતા જેવા શબ્દોની સહકલ્પનાઓ તૈયાર કરે. |
| | S1009 | સંઘવાદ, વિવિધતાધર્મ, રાજનૈતિક પાર્ટી જેવા મહત્ત્વપૂર્ણ શબ્દો વ્યાખ્યાયિત કરે છે. |
| | S1010 | ઘટનાઓ, તથ્યો, આંકડાઓનું વર્ગીકણ કરી તુલના કરે છે. જેમ કે,<br>- સંસાધનો, ખનિજો, ખેતીના પ્રકારોનું વર્ગીકરણ કરી<br>- ઉદા. આત્મનિર્વાહ ખેતી અને બાગાયતી ખેતી. |
| | S1011 | ભારતના નકશા ઉપર ચોખા અને ઘઉંનું વાવેતર કરતા વિસ્તારોની તુલના કરે છે. |

## ધોરણ - 10 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| • ભારતીય બંધારણ અને તેના વિવિધ ભાગોનો અભ્યાસ કરે. | S1012 | ભારતમાતા અને જર્મનીયાનાં ફોટોગ્રાફની તુલના કરે. |
| • વિવિધ સંસાધનો જેમ કે, જંગલો, જળ સંપત્તિ, ખનિજો વગેરે અંગેની માહિતી એકત્ર કરે અને તેનું પ્રદર્શન યોજે. | S1013 | ભારત, દક્ષિણ અમેરિકા, કેન્યા, ચીન જેવા દેશોનાં સામ્રાજયવાદ વિરોધી રાષ્ટ્રવાદની સાથે યુરોપીય રાષ્ટ્રવાદની તુલના કરે. |
| • ભારતમાં જુદા જુદા ખેતી પાકો અને આર્થિક વિકાસ પર તેના પ્રભાવનું વિશ્લેષણ કરી ચર્ચા કરે છે. | S1014 | કેટલાક મહત્ત્વપૂર્ણ દેશોની માથાદીઠ આવકની તુલના કરે અને ગ્રાહકોના અધિકારોના તફાવતને ઓળખે. |
| • ઈન્ટરેક્ટિવ નકશાઓ ઉદા. સ્કૂલ ભુવન, NCERT પોર્ટલ પર ખેતી, ઊર્જા, ઉદ્યોગો વગેરેનો અભ્યાસ ઈન્ટરનેટના ઉપયોગથી કરે છે. | S1015 | વ્યવસાયો અને આર્થિક પ્રવૃત્તિઓનું કેટલાક માપદંડોને આધારે વર્ગીકરણ કરે. |
| • યુરોપિય રાષ્ટ્રવાદ અને સંસ્થાવાદ વિરોધી રાષ્ટ્રવાદની વચ્ચેના સંબંધ અને તફાવતની ચર્ચા કરે છે. | S1016 | ભારતમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની સત્તાઓ અને કાર્યોની તુલના કરે. |
| | S1017 | ભારતના રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષનું વર્ગીકરણ કરે. |
| • રાજાશાહી દેશ અને સંસ્થાનવાદી દેશોના ઔદ્યોગિકીકરણ પર ચર્ચા કરે છે.<br>• જુદી જુદી બાબતો પર વૈશ્વિકીકરણનો અભ્યાસ તપાસે. | S1018 | રાજનૈતિક ચર્ચાઓમાં વપરાતા શબ્દો અને તેના અર્થ જેવા કે, સામ્યવાદી, બિન સાંપ્રદાયિકતા, ધર્મ-નિરપેક્ષતાવાદી, નારીવાદી, જાતિવાદી વગેરેની વ્યાખ્યા કરે. |
| • દક્ષિણ અમેરિકાના કોઈ પણ એક દેશોનાં સંસ્થાનવાદ વિરોધી આંદોલનનો અભ્યાસ કરે છે અને તેના કેટલાક માપદંડોને આધારે ભારતીય રાષ્ટ્રીય આંદોલનો સાથે તુલના કરે છે.<br>• વૈશ્વિકીકરણના અનુભવોની અસરને જુદા જુદા સામાજિક સમૂહો દ્વારા તેના દૈનિક જીવનમાં ઉપયોગ કરવામાં આવતી વસ્તુઓ અને સેવાઓનો પ્રભાવ કેવો થાય છે તેની ચર્ચા કરે છે. જેમ કે, ટી.વી., મોબાઈલ ફોન, ઘર વપરાશના સાધનો. | S1019 | ઘટનાઓ અને પ્રસંગો, તેના કારણો અને પરિણામોનો સંબંધ સમજાવશે. દા.ત.<br>- ભારતમાં જુદા જુદા કૃષિ પાકોનાં ઉત્પાદન માટે જવાબદાર કારણો સમજાવશે.<br>- ઉદ્યોગોની પર્યાવરણ પર થતી અસરો સમજાવશે.<br>- જુદી જુદી ઐતિહાસિક ઘટનાઓ અને વિકાસ માટેના કારણો અને તેના પ્રભાવો સમજાવશે. જેમ કે, ભારતમાં રાષ્ટ્રવાદના વિકાસ પર મુદ્રિત માધ્યમોનો પ્રભાવ. |
| • દુનિયાની જુદા-જુદા પ્રકારની સરકારોનો અભ્યાસ કરે છે. લોકશાહી, સામ્યવાદી, સરમુખત્યારશાહી વગેરે. લોકશાહીમાં સરકારનાં વિવિધ રૂપો સંઘીય અને એકતંત્રી લોકશાહી અને રાજાશાહી વગેરેનો અભ્યાસ કરી શકાય છે. | S1020 | ખાદ્ય-સામગ્રીની પ્રાપ્તિ પર સંચાર માધ્યમોના પ્રભાવની ઓળખ કરે. દા.ત. અમેરિકાના સંસ્થાનોમાં પૂર્વ-આધુનિક દુનિયાની બિમારીઓના વૈશ્વિક પ્રસારની સમીક્ષા કરે છે. |
| • વિભિન્ન પક્ષો અને પક્ષોનાં જોડાણ દ્વારા રાજ્ય | S1021 | ભૂગર્ભ જળ અને ખનિજ-તેલ જેવા કુદરતી સંસાધનોના અતિ ઉપયોગની અસરનું વિશ્લેષણ |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| સરકારની કામગીરીનો અભ્યાસ કરે અને તેની વિશિષ્ટતાઓ જેવી કે, પક્ષના સૂત્રો, કાર્યસૂચિ, પ્રતિકો અને તેના નેતાઓની વિશેષતાઓની તપાસ કરે છે. | | કરે છે. |
| ● જુદા જુદા રાજકીય પક્ષોની વિશેષતાઓનો અભ્યાસ કરે છે. | S1022 | કુલ સ્થાનિક ઉત્પાદનની ક્ષેત્રિય સંરચનામાં પરિવર્તનની સમીક્ષા, આવકના જુદા જુદા સ્રોતો પર નિર્ભર રહેવાના પરિણામોનું વિશ્લેષણ કરે છે. |
| ● રાજ્યો અને દેશના આર્થિક વહેંચણીના વિવરણો એકત્ર કરે છે. દા.ત. માનવ-વિકાસ સૂચકાંકના આધારે, ઘરેલું ઉત્પાદનના આધારે, આયુષ્ય-મર્યાદા અને બાળ મૃત્યુદરના આધારે દેશનાં ભાગોને વહેંચી શકે છે. | S1023 | ભારતનાં વિવિધ રાજકીય પક્ષોની નીતિઓ અને કાર્યક્રમોની વ્યાખ્યા કરે છે. |
| ● પોતાની આસપાસ જોવા મળતા આર્થિક વ્યવહારો, નોકરીઓ, વ્યવસાય અંગેની વિગતો એકત્ર કરી તેને ચોક્કસ માપદંડોના આધારે ગોઠવશે. | S1024 | જાણકારી અને વિશ્લેષણનું મૂલ્યાંકન કરે છે. જેમ કે,<br>- ટકાઉ વિકાસને ધ્યાનમાં રાખી કોઈ પણ ક્ષેત્રનાં લોકોના જીવન પર કુદરતી સંસાધનોનું સંરક્ષણ અને તેના પ્રભાવની સમીક્ષા કરે છે.<br>- જળ, વન, વન્ય જીવ, જમીનના સંરક્ષણ માટે સ્વદેશી/ આધુનિક પ્રયોગોનું વિશ્લષેણ કરે છે. |
| દા.ત. : સંગઠિત, અસંગઠિત, ઔપચારિક, અનૌપચારિક, પ્રાથમિક, દ્વિતીય અને સેવાકીય ક્ષેત્રો. | S1025 | ચૂંટણીઓમાં રાજકીય પક્ષોની હાર-જીતની બાબતો બનાવશે. |
| ● પોતાની આસપાસ જોવા મળતા આવકના સાધનોની વિગતો એકત્ર કરશે. જ્યાંથી લોકો ઉધાર લે છે તેવા ઔપચારિક અને અનૌપચારિક સમૂહોની વિગતો તૈયાર કરે. | S1026 | ભારતીય લોકશાહીમાં સુધારા માટે જુદા જુદા સૂચનાનું મૂલ્યાંકન કરે છે. |
| | S1027 | પુસ્તકો અને ચલચિત્રોનું વિશ્લષેણ કરે છે. જેમ કે યુરોપની બહારના દેશોમાં રાષ્ટ્રવાદના પ્રતિકો, યુરોપિય પ્રતિકોથી કેમ જુદા છે. |
| ● સ્કૂલ ભુવન-NCERT પોર્ટલ પરથી વિષય મુજબ નકશાઓનું વિશ્લેષણ કરે. ભારતમાં ચોખાનાં વાવેતર-ક્ષેત્રો, જમીનના પ્રકારો, વાર્ષિક વરસાદ, વગેરનો અભ્યાસ કરી કારણ અને તેની અસરો સંબંધી વિગતો દર્શાવશે. | S1028 | મનરેગાની અસરો, રોજગારીના સ્ત્રોતોના રૂપમાં બેંકની ભૂમિકાની સમીક્ષા કરે છે. |
| | S1029 | પોતાના વિસ્તારની અર્થ વ્યવસ્થા પર વૈશ્વિકીકરણના પ્રભાવની અસરોની સમીક્ષા કરે છે. |
| ● કાચા માલને આધારે જુદા જુદા પ્રકારના ઉદ્યોગોને વિભાજીત કરશે. તે સ્થળોને નકશામાં શોધવા અને આસપાસના ક્ષેત્રોમાં થતા પ્રદૂષણ સાથે કારણરૂપ ગણવા. | S1030 | ઉત્પાદન અને રોજગાર માટે જુદા જુદા ક્ષેત્રોના યોગદાનનું વિશ્લેષણ કરે છે.<br>- વ્યાખ્યાઓ આપે છે.<br>- નકશો<br>- ગ્રંથ<br>- પ્રતિક<br>- આલેખ<br>- કાર્ટૂન |
| ● છેલ્લા 100 વર્ષોમાં છાપકામની ટેક્નોલોજીમાં આવેલા બદલાવની તપાસ કરાવવી અને તે બદલા પર કેમ આવ્યા અને તેના પરિણામ શું મળે તે પર તપાસ કરાવવી. | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ભારતીય બંધારણના જુદા જુદા અનુચ્છેદો તેના કારણો અને તેની અસરોને રાજકીય પરિસ્થિતિના રૂપમાં અધ્યયન કરાવવું.<br>- નગરપાલિકાની સ્વતંત્રતા એ સંઘવાહની સુચારુ સંચાલન પ્રણાલીને અસર કરે છે. | | - ફોટોગ્રાફ<br>- પોસ્ટર<br>- સમાચારપત્રોનું કટીંગ<br>- વિવિધ ક્ષેત્રો / આબોહવા ક્ષેત્રોમાં પાણીની અછત<br>- યુરોપમાં વિવિધ સંધિઓ દ્વારા લાવવામાં આવેલા નકશાના ફેરફારો. |
| ● ચર્ચા કરો કે (ક) ભારતની વસ્તીનો મોટો ભાગ પ્રાથમિક ક્ષેત્રો પર નભે છે કેમ (બ) સેવાક્ષેત્રના ઉત્પાદનમાં તેજીથી આર્થિક વૃદ્ધિમાં શું યોગદાન મળે. | S1031 | ભારતથી પશ્ચિમ એશિયા, દક્ષિણ પૂર્વ એશિયા અને વિશ્વના અન્ય ભાગો સાથે વ્યાપાર માટેના અને જમીનનાં જોડાણને દર્શાવે છે. |
| ● પડોશ અને ઘરની વચ્ચે એક સર્વેક્ષણ કરાવવો કે આવકના ઔપચારિક અને અનૌપચારિક સ્ત્રોતો પર એમની નિર્ભરતાના કારણો એકઠાં કરે. | S1032 | ભારતમાં કુલ ઘરેલું ઉત્પાદન, ભારતનાં વિવિધ ભાગોનું ઉત્પાદક અને ઉદ્યોગો, રોજગારી અને વસ્તીથી જોડાયેલ માહિતીઓનાં આલેખો બનાવે છે અને તેની વ્યાખ્યા કરે છે. |
| ● આ બાબતની ચર્ચાનું આયોજન કરશે કે ગ્રામીણ ક્ષેત્રોમાં રહેવાવાળા જરૂરીયાતમંદ લોકોને બેંકો આર્થિક સહાયના રૂપમાં યોગદાન કરે છે કે નહીં.<br>● ભારતના વિવિધ ભાગોમાં પર્યાવરણ સંરક્ષણ માટે કામ કરતાં સમૂહોની વાર્તાઓ એકત્રિત કરી અને તેનું ભૌગોલિક દૃષ્ટિકોણથી અધ્યયન કરો. | S1033 | સામાજિક વિજ્ઞાન સાથે આંતર સંબંધ જોડે છે.<br>- પાક પદ્ધતિ, વેપાર અને સંસ્કૃતિમાં ફેરફારનું વિશ્લેષણ કરે છે.<br>- સમજાવે છે કે ભારતના કેટલાક પ્રદેશોને કેમ વિકસિત કરવામાં આવ્યા ?<br>- સંસ્કૃતિ પર વ્યાપારની અસરનું વિશ્લેષણ કરે છે.<br>- આર્થિક વિકાસ અને લોકતંત્ર વચ્ચેનાં સંબંધોને જોડે છે. |
| ● પર્યાવરણ સંરક્ષણ આંદોલનોમાં લોકોની ભાગીદારી અને એ વિસ્તારના સામાજિક સાંસ્કૃતિક જીવન ઉપર તેની અસરની માહિતી એકઠી કરો અને ચર્ચા કરો. ઉદા. : ચીપકો આંદોલન.<br>● ભારતનાં આર્થિક સર્વે, સમાચારપત્ર, કુલ સ્થાનિક ઉત્પાદન સાથે જોડાયેલ સામયિક, માથાદીઠ આવક, વિવિધ ઘરો માટે ધિરાણની પ્રાપ્તિ, જમીન ઉપયોગ, પાકની પદ્ધતિ, ખનિજ વિતરણ ક્ષેત્રો, જુદા જુદા વર્ષોમાં અનાજ ઉત્પાદન વગેરેની માહિતી એકત્રિત કરે છે અને પાઈ કે આલેખમાં રૂપાંતરીત કરીને તેમજ પદ્ધતિ અને પ્રશ્નનો અભ્યાસ કરાવવો.<br>● જુદા માધ્યમોથી પ્રાપ્ત થયેલાં ચિત્રો, ફોટોગ્રાફ, કાર્ટૂન, નજરે જોયેલાં સાક્ષીનાં અહેવાલો, પ્રવાસ | S1034 | માન્યતાઓ / પૂર્વગ્રહો તેમજ રીત-રીવાજોને ઓળખે છે.<br>ઉદા. તરીકે...<br>- વિસ્તાર<br>- ગ્રામીણ અને શહેરી વિસ્તાર<br>- લિંગ<br>- ભાષા<br>- વિકાસનો વિચાર<br>- મતદાન બાબતે વર્તન<br>- જાતિ<br>- ધર્મ<br>- લોકશાહી |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| સાહિત્ય, અખબાર, સામયિક, નેતાઓનાં નિવેદનો, સત્તાવાર અહેવાલો, સંધિઓની શરતો, પક્ષોની ઘોષણાઓ અને કેટલાંક કિસ્સાઓમાં સમકાલીન વાર્તાઓ, આત્મકથાઓ, ડાયરી, લોકપ્રિય સાહિત્ય, ભારત અને દુનિયાની સમકાલીન મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાઓ વગેરે દ્વારા ઈતિહાસને સમજવા અને તેના નિર્માણ માટે માહિતગાર થાય છે.<br>● વિવિધ પ્રકારનાં ઐતિહાસિક સ્રોતો શું સંદેશો આપે છે તે વિશે વિચારો અને શા માટે કોઈ વસ્તુને કોઈ ખાસ રીતે રજૂ કરવામાં આવે છે તે બાબતે અવલોકન કરાવવું. ચિત્રો અને જુદા જુદા મેળવવામાં આવેલાં તારણો પર પ્રશ્નો ઉઠાવવા, જેથી તેની સાથે જોડાયેલાં માહિતીને યોગ્ય રીતે જાણી શકાય. જેમ કે માન્ચેસ્ટર અને ભારતનાં કપડાંનાં લેબલોનાં દૃશ્યો વગેરેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને પ્રશ્નોના ઉત્તર આપે. તેમાં શું દેખાય છે તે જણાવે, આ ચિત્રોમાં શું શું બતાવવામાં આવ્યું છે તેનું વિવરણ કે અને તેનો તફાવત જુએ.<br>● છાપકામની પદ્ધતિઓની વિવિધતા પર જુદા જુદા દૃષ્ટિકોણથી અભ્યાસ કરાવી ચર્ચા કરવી.<br>● વિદ્યાર્થીઓ કે તેનાં કુટુંબના અનુભવો, જેવા કે મધ્યાહન ભોજન યોજના, ખેડૂતો માટે ધિરાણ માફીની યોજના, વિદ્યાર્થીઓને ઓનલાઈન શિષ્યવૃત્તિ, ઓછી આવક ધરાવતા પરિવારોને ગેસ પૂરો પાડવાની યોજના, ઓછી આવકવાળા પરીવારો માટે જીવન વિમા યોજના / મકાન બાંધકામ માટે નાણાકીય સહાય યોજના વગેરે માટે પુરાવા તરીકે માહિતી / સમાચાર કટીંગો દ્વારા માર્ગદર્શન આપવી.<br>● સમગ્રપણે નકશાઓ દ્વારા સંસાધનોનું વિતરણ દર્શાવે છે. જેમ કે ભારતનાં નકશામાં ખનિજો, ઉદ્યોગો અને ભારતની ભૌતિક વિશેષતાઓ તેમજ સ્કૂલ ભુવન-એનસીઈઆરટી પોર્ટલ પરના સ્તરોને સમજીને નકશાઓને વિશ્લેષણ સાથે સમજાવવા. | <br><br><br><br><br><br>S1035<br><br><br><br><br><br><br><br><br><br><br>S1036<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>S1037 | - રાજકીય પક્ષો<br>- વંચિત રહેલ અને નબળા વર્ગો<br>- જુદા જુદા વિકાસો - જેવા કે ઔદ્યોગિકીકરણનાં જુદા જુદા પાસાઓને ઓખે છે.<br>- પ્રગતિ અને આધુનિકતાની ધારણાની કલ્પના.<br><br>જિજ્ઞાસા ચકાસણીનાં કૌશલ્યને દર્શાવે છે એટલે કે તેને સંબંધિત પ્રશ્નો રજૂ કરે છે. ઉદા. : તરીકે,<br>- કેટલાક ક્ષેત્રોમાં ઉદ્યોગોની ગીચતા<br>- પાણીની અછત<br>- જુદા જુદા દેશોમાં રાષ્ટ્રવાદી સંઘર્ષોમાં સ્ત્રીઓની ભૂમિકાઓ.<br>- નાણાકીય સાક્ષરતાના જુદા જુદા પાસા સંબંધિત મુદ્દાઓ :<br>- સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તર પર લોકશાહીની કાર્યપદ્ધતિ.<br><br>એકત્રિત કરેલી કે આપવામાં આવેલી જાણકારીના આધાર પર વિચારો / દલીલોનું નિર્માણ કરે.<br>દા.ત. :<br>(1) કોઈ પણ ક્ષેત્રની સાંસ્કૃતિક વિવિધતા.<br>(2) ઐતિહાસિક ઘટનાઓ અને પાત્રો<br>(3) આર્થિક બાબતો જેવી કે આર્થિક વિકાસ અને વૈશ્વીકરણ.<br>(4) વિવિધ આર્થિક સિદ્ધાંતો બાબતે પાઠય પુસ્તકોમાં સામાન્ય રીતે ઉપલબ્ધ વ્યાખ્યાઓ.<br><br>સ્થાનિક ઉત્પાદન, ગરીબી, સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોના કદ માટે ઉપયોગમાં લેવાતી યોગ્ય પદ્ધતિઓ.<br><br>પ્રસંગો અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે.<br>દા.ત. :<br>- માનવ આરોગ્ય પર પાણી, હવા, જમીન અને અવાજ પ્રદૂષણની આગાહી<br>- જંગલોના વિનાશના કારણે કુદરતી આફતોની આગાહી. |

## ધોરણ - 10 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● નકશાઓનો ઉપયોગ કરીને જુદા જુદા વિષયનો અને નકશાઓ વચ્ચેનાં સંબંધો વિસ્તૃત રીતે દર્શાવવા. | | - કલાકારો અને સાહિત્યકારોની કલાઓ, સાહિત્ય, ગીતો અને વાર્તાઓ દ્વારા રાષ્ટ્રવાદી સંવેદનાઓને કેવી રીતે પોષે છે જેવી પરિસ્થિતિઓમાંથી અનુભવ કરે છે. |
| ● સ્થળો, લોકો, વિસ્તારની સમજ મેળવવી. (જુદી જુદી સંધિઓ જેમ કે વર્સેલ્સની સંધિ, આર્થિક પ્રવૃત્તિ વગેરે દ્વારા)<br>● વિવિધ વિસ્તારો વચ્ચે અરસપરસ સંબંધ બનાવવા માટે વિવિધ ક્ષેત્રોનાં વર્તમાન સમયમાં ઉપયોગમાં લેવામાં આવતાં સ્થાનોનાં નામકરણના તફાવતો શોધવા. એટલે કે વિદ્યાર્થીઓને ભારતથી એશિયાના નકશા ઉપર મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને દક્ષિણ એશિયાના કાપડ વ્યાપાર માટે સમુદ્રી અને જમીન માર્ગોનું જોડાણ શોધવા અને બતાવવા માટે કરવું. | S1038 | નીચેના મુદ્દા પર યોગ્ય જવાબોની તારવણી કરે છે.<br>(અ) જો ભારત ખનિજતેલની આયાત બંધ કરે...<br>(બ) જો આંતરરાષ્ટ્રીય કંપનીઓ બંધ કરવામાં આવે.<br>(ક) જો ભારતની તમામ શાળાઓ અને હોસ્પિટલોનું ખાનગીકરણ કરવામાં આવે તો શું થાય ? |
| ● રાજ્યોના રાજનૈતિક નકશાઓની તપાસ કરે અને તેના આકાર, સ્થાન પર વિચાર કરે તેમજ રાષ્ટ્રીય રાજકારણમાં તેના મહત્વની ચર્ચા કરાવવી.<br>● જે મહત્ત્વપૂર્ણ બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતમાં કાર્યાલયો કે કારખાના સ્થાપિત કર્યા છે તેની લોકોની રોજગારી ઉપર થયેલી અસર વિશે ચર્ચા કરાવવી.<br>● કાર્ટુન, પોસ્ટરમાં વ્યક્ત થયેલા સંદેશાને વાંચે, રાજકીય ઘટનાઓ સંબંધી ફોટોગ્રાફ જોવે અને ચર્ચામાં ભાગ લેવડાવવો. | S1039 | નિર્ણયો લેવાની કે સમસ્યાઓ ઉકેલવાની કુશળતા સમજાવે છે. દા.ત. પોતાના ક્ષેત્રના ઊભા થયેલા પ્રશ્નોના ઉકેલો શોધી કાઢે છે.<br>(અ) ખેતી અને પરિવહનને લગતી સમસ્યાઓ.<br>(બ) રોજગારની તકો ઊભી કરવી, ઓછી આવક ધરાવતા પરિવારો માટે ધિરાણની વ્યવસ્થામાં સુધારો કરવો.<br>(ક) મૂલ્યાંકન કરે કે ભારતમાં સંસ્થાનવાદ દરમિયાન સાહિત્ય, પરિવહન અને ઉદ્યોગો જેવા ક્ષેત્રોનો ઉપયોગ ભારતીયો અને રાષ્ટ્રવાદી માટે કેવો રહ્યો છે. |
| | S1040 | રાજકીય વિવિધતાઓની પ્રશંસા કરે છે. |
| ● વસતી ગણતરીની માહિતી, રાજકીય પક્ષોની પ્રાથમિકતાઓ અને સામાજિક વિવિધતાઓ સાથે જોડાયેલી માહિતીનો અભ્યાસ કરાવવું. | S1041 | સાંસ્કૃતિક વિવિધતાઓની પ્રશંસા કરે છે. |
| | S1042 | ધાર્મિક વિવિધતાઓની પ્રશંસા કરે છે. |
| | S1043 | સામાજિક વિવિધતાઓની પ્રશંસા કરે છે. |
| ● વિકાસાત્મક બાબતો વૈશ્વિકીકરણ અને ટકાઉ વિકાસ સાથે જોડાયેલ, લોકપ્રિય સામયિકો અને સમાચાર પત્રોના કટીંગો તેમજ વિવિધ પુસ્તકોમાંથી માહિતી એકઠી કરીને લખાણો તૈયાર કરાવવા.<br>● પ્રાથમિક, માધ્યમો અને સેવા ક્ષેત્રોમાં જી.ડી.પી. અને રોજગાર સાથે જોડાયેલ બાબતોને કોષ્ટકો અને આલેખ દ્વારા રૂપાંતરિત કરાવવું. | S1044 | પુનઃસ્થાપન, ઉગ્રવાદ, કુદરતી તેમજ માનવ-સર્જિત આપત્તિઓથી અસરગ્રસ્ત લોકો સાથે સહાનુભૂતિ દર્શાવે. જેમ કે ફિઝી અને કેરિબિયન દેશોમાં કામ કરતા ભારતીય મજૂરો. |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● કેટલાક માપદંડોનો ઉપયોગ કરી, ચાર્ટસનું અર્થઘટન કરી પદ્ધતિઓ અને તફાવતોનું વર્ણન કરાવવું.<br>● ભારતના નકશા પર કાચા માલના ઉત્પાદન માટેની માહિતી શોધો અને જે તે વિસ્તારોની આર્થિક પ્રવૃત્તિ અને વિકાસ સાથે સંકલિત કરાવવું.<br>**ઉદા.** : કોલસો, લોખંડ, કપાસ વગેરે.<br>● આઝાદી પછી ભારતના જુદા જુદા ક્ષેત્રોમાં થયેલા વિકાસ અંગેની જાણકારી એકત્ર કરે.<br>● ઉદાહરણો દ્વારા વિવિધ વિષયો વચ્ચેના સંબંધો શોધી કાઢે અને કેટલાક વિષય ઉપર જૂથ પ્રોજેક્ટ તૈયાર કરો. જેમ કે વૈશ્વિકીકરણ પર શિક્ષક અહીં પ્રશ્ન કરે છે. જેમ કે શું આ એક નવી ઘટના છે ? તેનો ઈતિહાસ લાંબો છે. આ પ્રક્રિયા ક્યારે શરૂ થઈ અને શા માટે. પ્રાથમિક, માધ્યમિક અને સેવાકીય પ્રવૃત્તિઓ પર વૈશ્વિકીકરણનો પ્રભાવ શું છે ? વિશ્વમાં શું વૈશ્વિકીકરણ અસમાનતા ઊભી કરે છે ? વૈશ્વિક સંસ્થાઓનું શું મહત્ત્વ છે ? શું આ સંસ્થાઓ વૈશ્વિકીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવે છે ? વૈશ્વિક અર્થતંત્રનો અર્થ શું છે ? શું આર્થિક વૈશ્વિકીકરણ નવી ઘટના છે ? વૈશ્વિકીકરણ, સારા વાતાવરણ માટે કઈ રીતે સંભવિત ફાળો આપી શકે?<br>● લોકશાહીમાં અને સરમુખત્યાર વિકાસના દર અને વિશેષતાઓનો અભ્યાસ કરવો.<br>● 1950 થી G.D.P. અને અન્ય આર્થિક પાસાઓ ઉપર સમય પ્રમાણે માહિતીની તપાસ કરવી.<br>● જૂથ ચર્ચા (અ) ભારતની આઝાદીની લડત કઈ રીતે અર્થ વ્યવસ્થાથી સંબંધિત હતી ? (બ) 1947 પછી ભારત ઉત્પાદન પ્રવૃત્તિઓના ખાનગીકરણ માટે કેમ ન ગયું ? (ગ) વિકસિત દેશો કે ચામડાં અને કાપડનાં માલ માટે ભારત જેવા દેશો પર નિર્ભર રહેવાનું શરૂ કર્યું છે ? (ઘ) શિક્ષિત દેશોના બહુરાષ્ટ્રીય કંપનીઓ તેમના દેશોમાં નહીં પણ વિકાસશીલ દેશોમાં | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| તેમના ઉત્પાદન અને નિર્માણ માટે કારખાનાઓની સ્થાપના કરે છે અને તેમના પોતાના દેશમાં રોજગાર પર તેનો પ્રભાવ શું છે ?<br>● ઉત્પાદન ક્ષેત્રોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ (હરિયાણામાં ગુરુગ્રામ) અને સેવા ક્ષેત્રની બહુરાષ્ટ્રીય કંપનીઓ (કર્ણાટકમાં બેંગ્લોર) વિશિષ્ટ ક્ષેત્રોમાં કેમ સ્થપાયેલી છે. ભૌગોલિક પરિબળો પર ચર્ચા હાથ ધરવી.<br>● ભારતના વિવિધ ભૌગોલિક ક્ષેત્રોમાં રહેવાવાળા લોકોના ધર્મ, ખોરાકની ટેવો, પોશાક, રંગભેદ, વાળ, ભાષા, બોલી વગેરેની માહિતી એકઠી કરાવવી.<br>● જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાં રહેનાર લોકોના વિરોધમાં પક્ષપાત, પૂર્વગ્રહો અને રૂઢિઓની સૂચિ બનાવો અને વર્ગખંડમાં તેની ચર્ચા કરાવવી.<br>● એવા વિકાસ પર ચર્ચા કરાવવી કે જે આધુનિકતાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. જેમ કે વૈશ્વિકીકરણ ઔદ્યોગિકીકરણના પ્રતીકના રૂપમાં જોવામાં આવતા ઘટનાક્રમ ઉપર પ્રશ્નો કરો અને વિકાસના ઈતિહાસને બધી બાજુથી જુઓ.<br>● બે ઉદાહરણો આપીને જ્યાં આધુનિક વિકાસ પ્રગતિ સાથે જોડાયેલો છે. તેણે સમસ્યાઓને પણ જન્મ આપ્યો છે. તે અંગે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછી ચર્ચા કરાવવી.<br>● સત્ય, પક્ષપાત, પૂર્વગ્રહોને સમજવા માટે સમાચાર પત્રો અને ટેલિવિઝન સમાચારોમાં નેતાઓ અને રાજકીયપત્રોના નિવેદનોનો અભ્યાસ કરે. સમયે સમયે રાજકીય પક્ષોની વિવિધ માંગણીઓનું વિશ્લષેણ અને ચર્ચા કરાવવી.<br>● આ વાત ઉપર વિચાર કરો કે કેમ મોટાભાગના પૂર્વગ્રહો અને રૂઢિઓ ઓછી આવકવાળા પરિવારો, નિરક્ષરો, અપંગો કેટલીક સામાજિક, ધાર્મિક વર્ગોની વ્યક્તિઓના વિશે જાણકારી | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| મેળવે. વિદ્યાર્થીઓને તેના મૂળ અને સમીક્ષા પર ચર્ચા કરવા માટે કહેવું.<br>● (ક) ટકાઉ વિકાસ પ્રણાલીમાં વધારો કરવો.<br>(ખ) ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986 જેવા રાષ્ટ્રીય કક્ષાના અધિનિયમોનું અધ્યયન, માહિતી અધિકાર અધિનિયમ, 2005, મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ, 2005 અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ-2009 વગેરે પાછળ સંભવિત ધારણા પર ચર્ચા કરે. વિદ્યાર્થીઓને એ વર્ગોની પરિસ્થિતિઓનું વિવરણ પ્રાપ્ત કરવા જરૂરિયાત ઊભી થઈ શકે છે. જેમ કે વૃદ્ધ વ્યક્તિ માટે કાયદો, શિક્ષકો અને માતા પિતા પાસેથી જાણકારી પ્રાપ્ત કરાવવી.<br>● નકશાઓ ઉપર ઔદ્યોગિક ક્ષેત્રો બતાવે અને તે ક્ષેત્રમાં માળખાગત વિકાસ સાથે સરખાવે, આસપાસની નદીઓ, રેલ્વે, રસ્તાઓ, કાચા માલના ઉત્પાદિત વિસ્તાર અને બજાર વગેરે સાથે ઉદ્યોગોની સ્થિતિની જાણકારી મેળવવી.<br>● કાશ્મીરના બરફાચ્છાદિત પ્રદેશો, ગુજરાતના શુષ્ક વિસ્તારો અને પશ્ચિમ બંગાળાના પુરગ્રસ્ત વિસ્તારોમાં પાણીની અછતને દર્શાવે, વિદ્યાર્થીઓને જુદી જુદી આબોહવાકીય ક્ષેત્રિય પરિસ્થિતિ પ્રમાણે પાણીની તંગીના કારણોની તપાસ કરી અને તેનો રિપોર્ટ કે ચાર્ટ તૈયાર કરવાનો કહી શકાય છે.<br>● સવિનય કાનૂન ભંગની ચળવળમાં ભારતના જુદા જુદા વર્ગો કે સમૂહોએ કેમ ભાગ લીધો હતો અથવા તારીય રાષ્ટ્રીય કોંગ્રેસે બંગાળના ભાગલામાં કેવી રીતે પ્રશ્નો કર્યા અને તેના જવાબ આપ્યા. આવા પ્રશ્નો દ્વારા મુદ્દાઓ, ઘટનાઓ, વ્યક્તિઓ માટે પૂરક સાહિત્યની પ્રાપ્તિ કરવા માટે શું જરૂરિયાત છે. જેના માટે તેઓ વધારે જાણે અને રસ લે. લોકશાહીના કાયદાઓ અને કાર્ય પર શિક્ષક જૂથ ચર્ચામાં ભાગ લે. | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| • વિકાસાત્મક મુદ્દાઓ સાથે જોડાયેલ અર્થશાસ્ત્રના એક ઉદાહરણને પસંદ કરે અને તેની આર્થિક જાણકારી એકત્ર કરી તેની સમીક્ષા કરાવવી.<br>(ક) રોજગારી (ભારતમાં યોગ્ય રીતે રોજગારીની તકો પેદા થઈ રહી છે?) (ખ) GDP (કેમ માત્ર સેવાક્ષેત્ર જ અન્ય ક્ષેત્રોની તુલનામાં પોતાની ભૂમિકા વધારવામાં સક્ષમ છે ?) (ગ) નાણાકિય બાબતો (ઓછી આવકવાળા પરિવારો આવક-વધારો કેવી રીતે કરી શકે ?)<br>• કેટલીક ધારણાઓને પડકારવી અને તેમના વિસ્તારો, પ્રદેશ અથવા તેમના રાજ્યોમાં વિશિષ્ટ સામાજિક, આર્થિક અને રાજનૈતિક મુદ્દાઓ માટે સર્જનાત્મક ઉકેલો બહાર લાવવા પ્રોત્સાહિત કરવા.<br>• ભારતના નકશાઓ (ભૌતિક અને રાજકીય) અક્ષાંશ અને રેખાશંની દષ્ટિએ ભારતની સ્થિતિ, રાહત સુવિધાઓ અને સાંસ્કૃતિક વિવિધતા ઉપર તેઓના પ્રભાવ વિશે વિચારો સાથે રજૂ કરાવવા.<br>• સર્જનાત્મક રીતે તૈયાર થયેલી કોઈપણ ઘટનાઓ અથવા પોતાની પસંદના કોઈપણ વ્યક્તિ પર ઈતિહાસના જુદા જુદા વિષયોને પ્રદર્શિત કરાવવી.<br>• ઐતિહાસિક અને સમકાલીન દષ્ટિકોણથી જુદી જુદી ઘટનાઓનું અર્થઘટન જૂથ-ચર્ચા દ્વારા કરે. તેને ડિજીટલ તથા મલ્ટીમીડીયા-સામગ્રી તૈયાર કરવામાં સહાય કરે. તેનું બ્રેઈલ લિપિમાં પણ રૂપાંતરણ કરાવવું.<br>• વર્તમાન / આધુનિક સમયમાં ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન પર જૂથ-ચર્ચામાં ભાગ લેવરાવવો.<br>• વડીલો, સમાચારપત્રો / ટી.વી. અહેવાલો દ્વારા નદીઓ, તળાવો, કૂવાઓ, ભૂગર્ભ જળ વગેરે જેવા જળક્ષેત્રોના પ્રદૂષણ વિશેની માહિતી મેળવવી. અને પોતાની આસપાસ જોવા મળતી આરોગ્યની સમસ્યાઓ બાબતે સર્વેક્ષણ કરાવવું. દા.ત. પશ્ચિમ બંગાળના ભૂગર્ભ-જળમાં આર્સેનિકની અસર. | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ઉત્તર પૂર્વ પર્વતીય ક્ષેત્રોમાં જમીન-ધોવાણ પર જંગલ વિનાશની અસરોની ચર્ચા કરાવવી અને તેને પૂર અને ભૂસ્ખલનના સાથે જોડાવવું.<br>● ભારતમાં સ્વતંત્રતાની લડતમાં ભાગ લેનારા બે વ્યક્તિઓ વચ્ચેની વાતચીતની કલ્પના કરાવવી. વિદ્યાર્થીઓ આ બાબતના પ્રશ્નોના જવાબ આપશે. જેમ કે, કોઈપણ પ્રકારની છબી, સાહિત્ય, વાર્તાઓ, લોકગીત તેમજ પ્રખ્યાત ચિત્રો અને પ્રતીકો ઉપર પ્રકાશ પાડવામાં આવે અવે તેના દ્વારા લોકો કોઈપણ રાષ્ટ્રની ઓળખ કરી શકે અને આ બધાનો શું અર્થ છે તે જાણી શકે છે.<br>● આયાત-નિકાસ, વર્તમાન રોજગારીની સ્થિતિ, શાળાઓ અને હોસ્પિટલોના પરિણામોને જોવા માટે શિક્ષક, માતા-પિતા અને સંબંધીઓ પાસેથી માહિતી એકત્રિત કરાવવી.<br>● પોતાના ક્ષેત્રમાં કૃષિ-સંબંધિત સમસ્યાઓની માહિતી મેળવો અને તેના ઉપચારાત્મક પગલાઓ શોધી કાઢે તેવી સ્થિતિ બનાવવી.<br>● નવા ઉદ્યોગો સ્થાપના માટે આગ્રહ કરતા હોય તેવા એક બ્રિટિશ ઉદ્યોગપતિ અને ભારતીય ઉદ્યોગપતિ વચ્ચેની વાત-ચીતની કલ્પના કરાવવી. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપે છે. જેમ કે,<br>(અ)ભારતીય ઉદ્યોગપતિને મનાવવા માટે બ્રિટશિ ઉદ્યોગપતિ કયાં કારણો આપશે ?<br>(બ) ભારતીય ઉદ્યોગપતિને કઈ તકો અને લાભોની જરૂર છે ?<br>● વિદ્યાર્થીઓ દ્વારા વધારાની અભ્યાસકીય પ્રવૃત્તિઓ, દૈનિક કાર્યો, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેની જરૂરી હોય તેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક આપવી.<br>● જીવનમાં તેમના લક્ષ્યોનું અને તેને પ્રાપ્ત કરવા માટે શું કરશે તેનું વર્ણન કરશે.<br>● આવકનાં સાધનો અને તેની અસરોની સમીક્ષા કરે તેઓને ઓછા વ્યાજદર સાથે ધિરાણ સરળ | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| રીતે પ્રાપ્ત થાય તે માટેના વિવિધ ઉકેલો પર ચર્ચા કરો.<br>● રોજગારી પ્રાપ્ત કરવાની અથવા નવી રોજગારી મેળવવાની નવી રીતો સાથે ઉકેલ મેળવશે.<br>● ટકાઉ વિકાસ પ્રથાને પ્રોત્સાહન આપવાનાં પગલાં અને તેની સાથે રોજીંદા જીવનના સાતત્યપૂર્ણ વિકાસ માટે જૂથ પ્રોજેક્ટ તૈયાર કરશે.<br>● સહ-કર્મચારીઓમાં વિશિષ્ટ જૂથના લોકો દ્વારા કરવામાં આવેલ કાર્યો અને એકબીજાને સહકાર આપવાની જરૂરિયાત અંગે ચર્ચા કરો.<br>● પાઠ્યપુસ્તક, સમાચારપત્રો વગેરેના માધ્યમથી નદીનું પાણી, ડેમ, જમીન, ઉદ્યોગો, જંગલો, આદિવાસી વગેરે જેવા કેટલાક મુદ્દાઓ અંગે વિરોધાભાસી ઉદાહરણો આપશે અને તેઓ જૂથમાં આ મુદ્દાઓની ચર્ચા કરવા માટે માર્ગદર્શન આપશે અને તેના રચનાત્મક ઉકેલો શોધી કાઢવું.<br>● જે તે સમયગાળાના વ્યક્તિઓ અને સમુદાયોના વાસ્તવિક જીવનનાં અનુભવોની વાર્તાઓ વાંચે છે એટલે કે વિદ્યાર્થીઓ કેરબિયન ક્ષેત્રોમાં કાર્ય કરતા ભારતીય મજૂર તરીકે પોતાની કલ્પના કરાવવી.<br>● પુસ્તકાલયમાંથી અથવા ઈન્ટરનેટના માધ્યમથી ભેગી કરેલી માહિતીનું વિદ્યાર્થીઓ તેમના જીવન અને ભાવનાઓને વર્ણવતા પત્ર લખવા માટે પ્રોત્સાહિત કરવા.<br>● ફોટોગ્રાફસ અને ચિત્રોવાળા પોસ્ટરો તૈયાર કરવા અને સ્વરાજ્ય માટેના અહિંસક સંઘર્ષોના મહત્ત્વ અંગે મૌખિક અને લેખિત રજૂઆત કરાવવી.<br>● વિદ્યાર્થીઓને રહેવાની જગ્યા અને શાળાના વિસ્તારમાં આસપાસના જીવનની ચર્ચા કરો. પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ સંબંધિત એકમો સિવાયના સ્થાનિક ઉદાહરણો એકત્ર કરે જેનાથી વિષયવસ્તુની સંવેદનશીલતા અને વિવાદાસ્પદ | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| મુદ્દાઓનું શાંતિપૂર્ણ નિરાકરણ કરે તે માટે પ્રેરવા.<br>(અ) ઓછી આવકવાળા પરિવારો, દિવ્યાંગ, વૃદ્ધ વ્યક્તિઓ, પ્રદૂષણોથી પીડિત લોકો દ્વારા કરવામાં આવતો સમસ્યાનો સામનો.<br>(બ) જુદી જુદી રીતો દ્વારા ગ્રાહકોની તેમના અધિકાર અને તેમની ફરિયાદોના નિવારણ લાવવા માટે પડકારોનો સામનો કરવો પડ્યો હોય તે માટેની રૂપરેખા-અહેવાલ તૈયાર કરે.<br>• ભારતનાં વિવિધ રાજ્યોમાં શાળાના શિક્ષણ સહિતના લોકોના રોજીંદા જીવન પર યુદ્ધો અને સંઘર્ષોના પડેલા પ્રભાવની ચર્ચા કરાવવી.<br>• જુદા-જુદા દેશોની તાજેતરના યુદ્ધો અને થયેલા સંઘર્ષો અંગેની વિગતો એકત્ર કરો અને તેની અસરો પર ચર્ચા ગોઠવવી.<br>• સમાવેશી વ્યવસ્થા અને સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા વર્ગખંડમાં દરેક માટે અભ્યાસક્રમ એક સરખો જ હોય છે. તેનો અર્થ એ કે તેમાં બધા જ વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભાગ લઈ શકે છે. કેટલાક એવા વિદ્યાર્થીઓ પણ હોય છે. જેઓને શીખવાની મુશ્કેલીઓમાં ભાષાકીય વાંચનની કે સાંભળવાની કે મિશ્ર પ્રકારની સમસ્યાઓ હોઈ શકે છે. તેનાથી વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમના શિક્ષણ માટે કેટલાક વિશેષ સહાયક પ્રયત્નો તથા પૂરક બાબતો કે પ્રવૃત્તિઓની જરૂરિયાત રહે છે તે સંદર્ભે અહીં કેટલીક શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયાઓ આપવામાં આવેલ છે.<br>• ચિત્રિત રજૂઆતો, ગ્રાફ કે નકશાનું ઉંડાણપૂર્વકનું વિવરણ આપે. જેથી ચિત્ર સાથે લખાણના સંદર્ભો પ્રાપ્ત થઈ શકે.<br>• નમૂનાઓ અને ચિત્રો (Block painting)<br>• હકીકતો કે સંકલ્પનાની સમજ માટે દૈનિક જીવનનાં ઉદાહરણો આપવા. | | |

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ઓડિયો-વિઝયુઅલનો ઉપયોગ કરવો ખાસ કરીને અમૂર્ત સંકલ્પનાઓની સમજ માટે.<br>● ઉપસાવેલી સમયરેખાઓ તૈયાર કરવી જેથી ઝડપથી યાદ રાખી શકે. દા.ત. વિવિધ ઐતિહાસિક યુગ<br>● ડિબેટ, ક્વિઝ, નકશા વાંચન, પ્રવૃત્તિઓ વગેરેમાં જૂથકાર્ય માટેનું આયોજન કરો.<br>● ઐતિહાસિક સ્થળોનાં પ્રવાસ, પર્યટનનું આયોજન કરો.<br>● ગંધ અને સ્પર્શ જેવી ઈન્દ્રિયોના અનુભવ સાથે પર્યાવરણીય પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરાવો.<br>● દરેક એકમની શરૂઆતમાં તેનો ટૂંકો પરિચય આપવો.<br>● દરેક એકમનાં મુખ્ય મુદ્દાની નકલ આપવી.<br>● સમયનાં ક્રમમાં પ્રસંગોને ગોઠવી ચિત્રિત સામગ્રી ચાર્ટ, પોસ્ટર વગેરેનો ઉપયોગ કરવો.<br>● કાપો અને ચોટાડો તથા ચિત્રનું પ્રદર્શન ગોઠવો, મોડેલ્સ, નમૂનાઓ, પ્લેકાર્ડસ જેવી દશ્ય સામગ્રીનો ઉપયોગ કરી ઘટનાઓ અને પ્રસંગોને રજૂ કરવા માટે જૂથકાર્ય કે પ્રવૃત્તિઓનું આયોજન કરવું.<br>● ઉજવાતાં તહેવારોનાં અનુભવો પૂરા પાડવા.<br>● દસ્તાવેજી ફિલ્મોનો ઉપયોગ કરવો.<br>● સામયિકો, વર્તમાનપત્રો વગેરેના ઉપયોગથી વિદ્યાર્થીઓને વાંચન સાહિત્ય સમજવામાં મદદરૂપ થવું.<br>● અગાઉ શીખેલી બાબતો સાથે હવે શીખવવાની બાબતો સાથે જોડાણ સાધવું.<br>● બહુ ઈન્દ્રિય અનુભવો પૂરા પાડવા.<br>● પાઠ્યપુસ્તકમાં આપેલાં ચિત્રો સાથે ઉદાહરણોનું વર્ણન કરો. (શક્ય હોય તો ફલેશ કાર્ડ દ્વારા) | | |

## ધોરણ - 10 : સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિ | ક્રમ | સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા |
|---|---|---|
| ● ચિત્રો, સમયરેખાઓ વગેરેનાં ઉપયોગ દ્વારા શિક્ષણકાર્ય સરળ બનાવવું.<br>● નકશાઓ મોટી સાઈઝનાં અને રંગીન હોવા જોઈએ.<br>● ચાર્ટ મોટા હોવા જોઈએ અને ચિત્રોની રજૂઆત કરતી વખતે તેને ક્રમમાં કરવી જોઈએ.<br>● ભણાવતી વખતે વારંવાર એકમ સંબંધિત પ્રશ્નોત્તરી કરવી જોઈએ.<br>● શિક્ષણકાર્ય અને મૂલ્યાંકન અલગ અલગ પદ્ધતિ દ્વારા કરવું જોઈએ. દાંત : નાટયીકરણ, સ્થળ મુલાકાત, વાસ્તવિક ઉદાહરણો, પ્રોજેક્ટ કાર્ય વગેરે.<br>● મહત્ત્વના મુદ્દાઓ અને માહિતી પર ભાર આપો.<br>● સંબંધિત મુદ્દાઓ સંદર્ભે ચિત્રો હોવાં જોઈએ. | | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_NiSpati\Std-9,10_Social_Science